દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી

સંચાલિત

# નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ

સ્થાપના તા. ૧૫-૦૬-૧૯૭૩

# સુવર્ણ જયંતિ સ્મૃતિ ગ્રંથ




ગિરધરનગર કોલેજ સંકુલ, ઝાલોદ રોડ, દાહોદ.
મો. : ૯૪૮૪૫ ૪૮૨૩૨, email : navjivan_73@yahoo.co.in
Web : www.navjivanscience.org

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી

સંચાલિત

# નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ

**સ્થાપના: ૧૫-૦૬-૧૯૭૩**

# સુવર્ણ જયંતિ સ્મૃતિ ગ્રંથ

**સૌજન્ય**

ડૉ. રીટાબેન રાય
પ્રમુખ
ભુતપૂર્વ વિદ્યાર્થી સંઘ
નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ

**સંપાદકો**

શ્રી દિલીપ શુક્લ
શ્રી હિતેન્દ્ર રણા
શ્રી પ્રિતેશ પવાર

**પ્રકાશક**

ડૉ. જી.જે. ખરાદી
કા. આચાર્ય
નવજીવન સાયન્સ કોલેજ,
દાહોદ

## સુવર્ણ જયંતિ ઉત્સવ કમિટી

**પ્રમુખ :** પ્રિ.ડૉ.જી.જે. ખરાદી

**કન્વીનર :** ડૉ.જે.એમ. પટેલ

**સહકન્વીનર :** ડૉ.કે.જે. મહેતા

**મંત્રી :** ડૉ.એચ.આર. ડાભી

**સહમંત્રી :** શ્રીમતી એન. એ.વોહરા

**ખજાનચી :** કુ. રૂચા પારેખ

# -: પ્રવેશ :-

નવજીવન સાયન્સ કોલેજની સ્થાપના તા. ૧૫-૦૬-૧૯૭૩ ના રોજ થઈ અને તા. ૧૫-૦૬ -૨૦૨૩ માં તેને ૫૦ વર્ષ પૂર્ણ થયા તે પ્રસંગે **" સુવર્ણ જયંતિ સ્મૃતિ ગ્રંથ"** નું પ્રકાશન થઈ રહ્યું છે જે અત્યંત અભિનંદનીય છે.

આ પુર્વે આ સંસ્થા દ્વારા બે સ્મૃતિ ગ્રંથો પ્રકાશિત થયેલા છે જે અનુક્રમે **" દશાબ્દિ સ્મૃતિ ગ્રંથ"** તેમજ **" રજત જયંતિ સ્મૃતિ ગ્રંથ"** સ્વરૂપે આકાર થયા છે. જેના અનુસંધાન આ ત્રીજો ગ્રંથ પ્રકાશિત થશે. સમગ્ર ૫૦ વર્ષનું દસ્તાવેજીકરણ દુર્લભ હોવાથી કેટલીક વિગતો સમાવિષ્ટ થઈ નથી તે બદલ દિલગીરી વ્યક્ત કરીએ.

આશા અને અપેક્ષા રાખીએ કે વાચક, સમીક્ષક અને વિવેચકો દ્વારા સાનુકૂળ પ્રતિભાવો મળશે.

**: અસ્તુ :**

# સંપાદકીય

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतोऽदब्धासो अपरितासउद्भिदः।
देवा नो यथा सदमिद् वृधे असन्नप्रायुवो रक्षितारो दिवे दिवे॥
ઋગવેદ

**"અમને ચારે દિશાએથી કલ્યાણકારી વિચારો પ્રાપ્ત થાઓ, જે અમારા પ્રત્યેક અજ્ઞાનને ઉઘાડનારા હો અને સત્યને પ્રકાશિત કરનારા હો.."**

આમતો આ વેદ મંત્ર અને તેનો ભાવાર્થ સમસ્ત વિશ્વ માટે અને વિશેષ કરી ને સુવર્ણ જયંતિ ના માંગલ્ય પ્રસગે દાહોદ તથા અમારી કોલેજ માટે યથાર્થ છે, કારણ કે આજથી ૫૦, ૬૦ કે ૭૦ વર્ષ પૂર્વેનો ગુજરાતનો આદિવાસી વિસ્તાર જ્યાં વિકાસ કે જ્ઞાનની કલ્પના કરવી દુષ્કર હતી, ત્યારે મહાકવિ શ્રી નાનાલાલે લખ્યું હતું કે **'દાહોદ એટલે ગુજરાતનું સૂર્યદ્વાર'** અને કવિશ્રીના આ કથને યથાર્થ સ્વરૂપ લીધું. જ્ઞાન, વિકાસ અને સ્વાસ્થ્ય સેવાઓના સૂર્યોદયથી આજે દાહોદ ઝાકમઝોળ છે. દાહોદ નગરના કેળવણી અને સંસ્કારક્ષેત્રના અગ્રગણ્ય દાતા અને વર્તમાન દાહોદમાં કેળવણી, સંસ્કાર, સંસ્કૃતિ અને આરોગ્ય મંદિરોની કર્મયજ્ઞ અને દાનયજ્ઞથી સેવા કરનાર **મુ.શ્રી ગિરધરલાલ છોટાલાલ શેઠ (પૂ. શેઠકાકા)** તેમના સહકારમાં નવજીવન રોલર ફ્લોર અને પલ્સ મિલ્સ, દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી અને નગરજનોના સાથ સહકારથી આ સ્વપ્ન સાકાર થયું.

ત્યાર બાદ શેઠ પરિવારના જ વંશજ તથા દા. અ. મ. સાર્વ. એજ્યુ. સોસાયટીના મેનેજીંગ ટ્રસ્ટી અને સ્વપ્નદ્રષ્ટા **સુરેશભાઈ શેઠ** એ આદરણીય શેઠકાકાના આ સ્વપ્નને અનેક વિદ્યાલયો અને આરોગ્ય મંદિરોમાં રૂપાંતરિત કર્યા છે.

આજથી ૫૦ વર્ષ પૂર્વે જુન ૧૯૭૩ માં નવજીવન સાયન્સ કોલેજ અસ્તિત્વમાં આવી. આદરણીય શેઠકાકાએ પ્રગટાવેલી જ્ઞાન જ્યોતિનો આ અખંડ મંગલદીપ ૨૦૨૩ માં ૫૦ વર્ષની સુવર્ણજયંતી મહોત્સવરૂપે પ્રકાશમાન થઈ રહ્યો છે, ત્યારે આ ૫૦ વર્ષની સ્મૃતિઓ, સંભારણાઓ, સિદ્ધિઓ અને અહીંથી જ્ઞાન લઈને દેશ વિદેશમાં સ્થિર થયેલા અમારા ભૂ. પૂ. વિદ્યાર્થીઓ, નગરજનો, જેમને સતત હોંશ અને ઉત્સાહથી પોતાના જ્ઞાન વડે સૌને વિદ્યાદાન અને માર્ગદર્શન આપ્યું છે, અને આ વિદ્યાસ્થળીને એક સુવર્ણ ઈતિહાસ આપ્યો છે, એવા પ્રિન્સીપાલશ્રીઓ, પ્રાધ્યાપકો તથા કોલેજ પરિવારને પુનઃસ્મરણ કરીને સ્મૃતિઋણ પૂર્ણ કરવાનો, સંતોષ લેવાનો આ શુભ મંગલ પ્રસંગ છે. આ સૌની સ્મૃતિરૂપ આ **"સુવર્ણજયંતી સ્મૃતિગ્રથ"** આપના કરકમળોમાં મૂકતા આનંદની લાગણી અનુભવાય છે.

દશાબ્દિ વર્ષમાં અને ત્યારબાદ રજતજંયતી વર્ષમાં અમારા સૌનું સ્વપ્ન હતું કે– કોલેજને અનુસ્નાતક કેન્દ્ર પ્રાપ્ત થાય, અહીંયા Ph.D નું માર્ગદર્શન કેન્દ્ર પ્રાપ્ત થાય, આપને જણાવતા આનંદ થાય છે, કે – આજે કોલેજને KCG-RUSA તરફથી ૪ કરોડ રૂપિયાની ગ્રાન્ટ પ્રાપ્ત થઈ છે. મેનેજીંગ ટ્રસ્ટીશ્રીની

સ્વપ્નિલ દ્રષ્ટિથી કોલેજ આજે એક આધુનિક નયનરમ્ય ભવનમાં નવનિર્મિત થઈ છે, ઉચ્ચ શૈક્ષણિક સાધન સુવિધાઓ અને અદ્યતન પ્રયોગશાળાઓની સજ્જતાના શણગારથી થયેલો વિકાસ ૫૦ વર્ષથી મઢી રાખેલા સ્વપ્નનું જાણે સાકાર સ્વરૂપ છે. આજે આ કોલેજમાં ૧૩૦૦ થી ૧૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ ગ્રાન્ટેડ બી.એસ.સી., ગ્રાન્ટેડ એમ.એસ.સી, સે.ફા. બી.એસ.સી., સે.ફા. એમ.એસ.સી.માં અભ્યાસરત છે. કોલેજમાં **રસાયણશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, માઈક્રોબાયોલોજી** જેવી વિજ્ઞાનની વિવિધ શાખાઓના અભ્યાસક્રમો ઉપલબ્ધ છે. એમાં **રસાયણશાસ્ત્રમાં** એમ.એસ.સી. અનુસ્નાતક કેન્દ્ર કાર્યરત છે. અને નવા શૈક્ષણિક વર્ષથી **પ્રાણીશાસ્ત્રમાં** એમ. એસ. સી. અનુસ્નાતક કેન્દ્ર પણ કાર્યરત થઈ ચૂક્યું છે. બહુ જ આનંદની વાત છે કે આપણી કોલેજના વિદ્વાન પ્રાધ્યાપકોના માર્ગદર્શન હેઠળ **રસાયણશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર,** વિષયમાં **Ph.D** પણ કરી શકાય છે. જે આપણા સૌ માટે ગૌરવ રૂપ છે.

૧૯૭૩ માંડીને ૨૦૨૩ના ૫૦ વર્ષ દરમ્યાન કોલેજના ભૂ. પૂ. વિદ્યાર્થીઓ અને વર્તમાન વિદ્યાર્થીઓએ ફક્ત વિજ્ઞાનના સૈદ્ધાંતિક અને પ્રાયોગિક અભ્યાસ તરફ જ ધ્યાન કેન્દ્રિત નથી કર્યું પણ તેઓએ આ સાથે સાહિત્યિક, સાંસ્કૃતિક, રમતગમત અને એન. એસ. એસ.ની પ્રવૃત્તિઓ દ્વારા યુનિવર્સિટી યુવકમહોત્સવો, રાજ્યકક્ષાની નાટ્ય, રાસગરબા પ્રવૃત્તિઓ અને રાજ્યકક્ષાના મહોત્સવોમાં કોલેજનું નામ રોશન કરીને પોતાનો સર્વાંગી વિકાસ કર્યો છે, તથા નગરને અને સંસ્થાને ગૌરવ પ્રદાન કર્યું છે. જેની ઝલક સ્મૃતિગ્રંથમાં છબીસંપૂટ સ્વરૂપે મૂકેલ છે.

કોલેજના પ્રત્યેક કાર્યમાં ઊંડો રસ લઈને, ઉત્તમ માર્ગદર્શન આપીને અમારામાં શ્રધ્ધા અને વિશ્વાસ મૂકીને અમને તથા કોલેજ પરિવારને રચનાત્મક અભિગમ પૂરો પાડવા બદલ સંસ્થાના પૂર્વ હોદ્દેદારોનું સ્મરણ કરીને પ્રવર્તમાન હોદ્દેદારો, સંસ્થાના મંત્રી **શ્રીમતિ અંજલિબેન પરીખ**, નવજીવન સાયન્સ કોલેજનાં ડાયરેક્ટર **શ્રી મિહિરભાઈ શાહ** નો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. આ **સુવર્ણ સ્મૃતિ સંગ્રહ**માં અમને કોઈપણ પ્રકારે સહાયભૂત થનાર સૌ મિત્રો કોલેજ પરિવાર તથા સૌ વિદ્યાર્થીમિત્રોનો આભાર તેમજ ઋણ સ્વીકાર કરતાં આનંદની અનુભૂતિ થાય છે. અને અંતે–

**" ખંખેરીને માંડ સૂકવ્યા હતા**
**શમણાઓ દશાબ્દિને રજતપર્વના**
**માવઠું હળવું જરાક આવ્યું " સુવર્ણ સ્મૃતિઓનું"**
**ને ફરી બધાં ભીના ભીના થઈ ગયા**

આ સ્મૃતિ ભીનાશ અનેક શૃંગારો સજીને, શતાબ્દિના પરોઢે આમજ આપણને ઢંઢોળીને વ્હાલ કરે અને આપણા સપનાઓને જીવંત કરે તેવી અખંડ શ્રધ્ધા સહ

**: સંપાદકો :**

| | | |
|---|---|---|
| શ્રી પ્રિતેશ પવાર | શ્રી હિતેન્દ્ર રાણા | શ્રી દિલીપ શુક્લ |
| (વર્તમાન અધ્યાપક) | (ભુતપૂર્વ વિદ્યાર્થી) | (ભુતપૂર્વ અધ્યાપક) |

## મુ. શ્રી ગિરધરલાલ શેઠ



### દાહોદ નગરની સાર્વત્રિક ચેતનાના સંવર્ધક તથા સ્વપ્નદ્રષ્ટા

જે નગરમાં શિક્ષણ અને આરોગ્યની સુવિધાઓ હોય એ નગર સમૃધ્ધ ગણાય એ વિચારને આત્મસાત કરી આ શહેરને શિક્ષણ સુવિધાઓ યુક્ત બનાવવાનું જીવનવ્રત જેમને અપનાવ્યું અને અદના માનવીને નજરમાં રાખી કાર્ય કરતા એ મહાજનને વંદન

## પ્રમુખ દાતા દંપતિ



શ્રીયુત ગિરધરલાલ શેઠ અને હસુમતીબેન શેઠ

# પ્રમુખ ટ્રસ્ટીશ્રી સુરેશ શેઠ



દાહોદ અનાજ મહામન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી તથા નવજીવન સાયન્સ કોલેજના સર્વોત્થાન માટે પ્રતિબધ્ધ, કર્મનિષ્ઠ, વિકાસપુરુષ, સૂત્રધાર તથા પારદર્શક વ્યવસ્થાના પુરસ્કર્તાને સાદર વંદન

## સંસ્થાના હોદ્દેદારો



**શ્રી પંકજ એચ. શેઠ**
કાર્યવાહક પ્રમુખ



**શ્રીમતિ અંજલિ એસ. પરીખ**
માનદમંત્રી
કેમ્પસ ડાયરેક્ટર, ગિરધરનગર કોલેજ સંકુલ



**શ્રી રાજેશ એમ. બંસલ**
ખજાનચી



**શ્રી મિહિર એ. શાહ**
ડાયરેક્ટર
નવજીવન સાયન્સ કોલેજ તથા
નવજીવન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ




નવજીવન સાયન્સ કોલેજ, સ્થાપના દિવસ
દિનાંક : ૧૫-૦૬-૧૯૭૩



પ્રમુખ દાતા સંસ્થા
નવજીવન રોલર ફ્લોર એન્ડ પલ્સ લિ.

## પૂર્વ આચાર્યશ્રીઓ



**સ્વ. શ્રી ડી. એચ. મહેતા**

સમયગાળો : ૧૫-૦૬-૧૯૭૩ થી તા. ૧૧-૦૭-૧૯૮૪



**સ્વ. શ્રી મનુભાઈ એ. પટેલ**

સમયગાળો : ૧૨-૦૭-૧૯૮૪ થી તા. ૦૬-૦૨-૧૯૯૧



**ડૉ. એ. એમ. પંચોલી**

સમયગાળો : તા. ૦૧-૦૬-૧૯૯૧ થી ૦૫-૦૭-૨૦૦૧
તા. ૩૦-૧૦-૨૦૦૨ થી ૧૪-૦૬-૨૦૧૩

## પૂર્વ કાર્યકારી આચાર્યશ્રીઓ



**સ્વ. શ્રી સી.ડી. શુક્લ**

તા. ૦૭-૦૨-૧૯૯૧ થી તા. ૩૧-૦૫-૧૯૯૧



**ડૉ. એ. કે. રાણા**

તા. ૦૬-૦૭-૨૦૦૧ થી તા. ૨૯-૧૦-૨૦૦૨



**ડૉ. કે.જે મહેતા**

તા. ૧૫-૦૬-૨૦૧૩ થી તા. ૦૬-૦૯-૨૦૧૮



**ડૉ. એચ. આર. ડાભી**

તા. ૦૭-૦૯-૨૦૧૮ થી તા. ૧૭-૧૦-૨૦૨૧




**પ્રથમ સ્ટાફ પરિવાર**



**કોલેજની પ્રથમ બેચ**
**ટી.વાય. બી.એસ.સી ૧૯૭૬-૭૭**

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ. પ્રથમ સ્ટાફ પરિવાર
## સ્થાપના વર્ષ ૧૯૭૩-૭૪

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧. | શ્રી દિવ્યકાંત મહેતા | આચાર્ય |
| ૨. | પ્રો. સી. ડી. શુક્લ | ભૌતિકશાસ્ત્ર ના વ્યાખ્યાતા |
| ૩. | ડૉ. આર. સી. પટેલ | જીવવિજ્ઞાનના વ્યાખ્યાતા |
| ૪. | પ્રો. એન. એન. રોધેલીયા | ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા |
| ૫. | પ્રો. આર. જી. પટેલ | ભૌતિકશાસ્ત્રના પ્રયોગ નિર્દેશક |
| ૬. | પ્રો. એમ. એ. પટેલ | રસાયણશાસ્ત્રના પ્રયોગ નિર્દેશક |
| ૭. | પ્રો. ડી. એ. શુક્લ | જીવવિજ્ઞાનના પ્રયોગ નિદેશક |
| ૮. | પ્રો. આર. બી. શાસ્ત્રી | શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા |
| ૯. | પ્રો. એસ. જે. વર્ગીસ | અંગ્રેજીના વ્યાખ્યાતા |
| ૧૦. | પ્રો. એમ. એફ. કચેરીવાલા | ગુજરાતીના વ્યાખ્યાતા |
| ૧૧. | પ્રો. એમ. જી. પરમાર | હિન્દીના વ્યાખ્યાતા |
| ૧૨. | શ્રી. એ. એમ. પંચોલી | રસાયણશાસ્ત્રના લેબ અસિસ્ટન્ટ |
| ૧૩. | શ્રી ધ્રુવ જોષી | ભૌતિકશાસ્ત્રના લેબ અસિસ્ટન્ટ |
| ૧૪. | શ્રીમતી રાજેશ્વરી શુક્લ | જીવવિજ્ઞાનના લેબ અસિસ્ટન્ટ |
| ૧૫. | શ્રી હસમુખભાઈ શાહ | ઓફિસ ક્લાર્ક |
| ૧૬. | શ્રી બિપીનભાઈ સોની | ઓફિસ ક્લાર્ક |
| ૧૭. | શ્રી ચંદ્રસિંહ પુવાર | લાયબ્રેરિયન |
| ૧૮. | શ્રી. ડી.પી. દેવળ | હેડ પ્યુન |
| ૧૯. | શ્રી. ડી. કે. ગણાવા | લેબ. પ્યુન |
| ૨૦. | શ્રી. એસ. જે. દેવળ | ઓફિસ પ્યુન |
| ૨૧. | શ્રી. એમ. એમ. બામણીયા | લેબ.પ્યુન |
| ૨૨. | શ્રી સી. જી. ધોબી | લાઈબ્રેરી પ્યુન |
| ૨૩. | શ્રી પરષોત્તમભાઈ | લેબ. પ્યૂન |

## આચાર્યની કલમેથી...



## ડૉ. જી.જે ખરાદી

વિજ્ઞાન અને ટેકનોલોજીના અપ્રતિમ વિકાસને લીધે સમગ્ર વિશ્વનું રૂપાંતર શબ્દશ: એક વિશ્વ ગ્રામમાં (Global Village) થઈ ગયું છે. ઈલેક્ટ્રોનિક્સ અને ઉપગ્રહ આધારિત પ્રત્યાયન ક્રાંતિએ માનવ ઇતિહાસમાં અભૂતપૂર્વ પરિવર્તન લાવી મૂક્યું છે. પરિવર્તન એ માનવ ઇતિહાસની સ્વાભાવિક લાક્ષણિકતા હોવા છતાં વર્તમાન પરિવર્તન અગાઉનાં પરિવર્તનોની સરખામણીમાં નીચેની બે મુખ્ય બાબતોમાં મૂળભૂત કે મૌલિક સ્વરૂપનું છે:

(૧) બુદ્ધિને ક્ષુબ્ધ કરી નાખે તેટલી ઝડપથી, ખાસ કરીને આર્થિક અને રાજકીય ક્ષેત્રે જૂનાં વલણોમાં આમૂલ પરિવર્તન.

(૨) ઉપગ્રહ દ્વારા એક સાથે જ આવા ફેરફારોનું પ્રત્યાયન અકલ્પનીય ઝડપથી થવાની સાથે સાથે વિશ્વના વિવિધ દેશોના લોકો માટે આવા ફેરફારો સાથેનું ત્વરિત અનુકૂલન એક પડકારરૂપ બને છે.

આમ દુનિયાના જુદા જુદા દેશો વચ્ચે વિચારભેદની દિવાલો ધરાશયી થઈ ગઈ છે. વિશ્વના ભૂરાજકીય નકશાની પુન: સંરચના થઈ રહી છે અને રશિયા અને ચીનના લોખંડી પડદા ઉઠતાં આર્થિક નિયંત્રણો હઠી ગયા છે.

વિશ્વભરમાંના નવા આર્થિક ફેરફારોએ આપણા જેવા ત્રીજા દેશો સમક્ષ પડકારો ફેંક્યા છે. જો માનવબુદ્ધિ અને સર્જનાત્મકતાનો પૂર્ણરૂપ ઉપયોગ કરવામાં નહીં આવે તો આપણે નાનાવિધ મુશ્કેલીઓમાં ફસાઈ જઈશું;

સ્વાતંત્ર્ય મેળવ્યા બાદ વિશ્વ પરિબળોની અસર હેઠળ હવે ભારતે ઉદાર આર્થિકનીતિ તેમજ બજારના વૈશ્વિકીકરણની દિશામાં અવશ્ય પગલાં ભરવા માંડયા છે. આપણા ઉચ્ચ શિક્ષણે વૈશ્વિક ફેરફારોની અસર તળે ભારતીય ઉદ્યોગધંધામાં થતા ઝડપી ફેરફારોને અનુરૂપ ગુણવત્તા ની સભાનતા ધરાવનાર સખ્ત પરિશ્રમી અને તાંત્રિક ક્ષમતાયુકત માનવબળ કેળવવાની બાબતને કેન્દ્રમાં રાખવાની તાતી જરૂર છે.

ભારતે જેવા દેશો ગુણવત્તાસભર ઉત્પાદન કરનાર ઉચ્ચતમ શૈક્ષણિક સ્તર ધરાવનાર માનવબળ ધરાવે છે. આ માટે ભારત અને તેના જેવા દેશોએ આમૂલ ફેરફારો કરીને શિક્ષણનું સ્તર ઊંચું લાવવાનું છે. અર્થાત શિક્ષણ પ્રક્રિયા, તેમાંનું વસ્તુ અને સંશોધનનાં ઊંચા ધોરણો સર કરવાનાં છે, "એશિયન ટાઈગર્સ" ગણાતા જાપાન, કોરિયા જેવાં દેશોની રાજકીય આઝાદી આપણી સાથે સાથે થવા છતાં આપણાથી આગળ નીકળી જવાના મૂળમાં તેમની શૈક્ષણિક સ્તરની ઊંચાઈ સાધવાની સફળતા મુખ્યત્વે જવાબદાર છે. તેમની શિક્ષણપ્રક્રિયાને અંતે વૈશ્વિક કક્ષાનું માનવબળ પેદા થાય છે. ભારતીય ઊચ્ચ શિક્ષણના વર્તમાન માળખા, વસ્તુ અને પ્રક્રિયા વડે શિક્ષણ–અભ્યાસની નવતર પદ્ધતિઓ અને પરિક્ષાઓના ઊચ્ચ ધોરણો પર જ આપણો વિકાસ અવલંબે છે.

વાસ્તવમાં ઊચ્ચ શિક્ષણનું લક્ષ્ય વર્તમાનના વૈશ્વિક પડકારો ઝીલી શકે તેવા વ્યક્તિત્વનું નિર્માણ કરવાનું જ હોવું જોઈએ. આ માટે હાલના વ્યક્તિના માત્ર બૌદ્ધિક વિકાસને જ તક આપતા શિક્ષણને સ્થાને વર્તમાન વિષમ વૈશ્વિક પડકાર ઝીલી શકે તેવા વ્યક્તિત્વનાં સર્વાંગી વિકાસ આપતા શિક્ષણ સંસ્થા પ્રબંધ આવશ્યક છે. સર્વાંગી વિકાસ માટે માનવીને હૃદય, બુદ્ધિ અને શરીરની કેળવણી આપવી પડશે. જેમાં જ્ઞાન, કૌશલ્ય અને દ્રષ્ટિનો વિકાસ સાધવાની તાલીમ દ્વારા એવા સ્ત્રી–પુરુષ તૈયાર કરવામાં આવે જે શારીરિક રીતે સક્ષમ, બૌદ્ધિક રીતે સતર્ક, નૈતિક રીતે ઊંચા, નૈસર્ગિક સૌંદર્ય પ્રતિ સંવેદનશીલ, સામાજિક પ્રતિબદ્ધતા અને આર્થિક નિર્ભરતા ધરાવતા હોય. દિશાભાનવિહીન ઘેટાંના ટોળાંને સ્થાને જરૂર છે આજે સિંહબાળોની જેમનામાં નાં કેવળ આત્મશક્તિ હોય પરંતુ તે વિશેની સભાનતા પણ હોય. જે પડકાર ફેંકી જાણે તો પડકાર ઝીલી પણ જાણે. પુસ્તકિયા જ્ઞાનમાંથી મળતી પ્રચૂર માહિતી આવું આત્મબળ બક્ષવાને અસમર્થ છે તેવું આપણને અનુભવે સમજાયું છે. અને તેથી જ જીવન ઉપયોગી કેળવણીની દિશામાં કામ કરવાની આજે તાતી જરૂર છે. આ પ્રમાણેની સાચી દિશાની શિક્ષણપ્રક્રિયા માનવીય ચેતનાને જગાડી તેને પારમિતા તરફ ગતિશીલ કરે છે.

આજે અમારી સંસ્થા એના ગૌરવવંતા ૫૦ વર્ષ પૂર્ણ કરી સુવર્ણ જયંતિ તરફ ઉન્નત ગતિ કરે છે. હવે અમારી શૈક્ષણિક વિકાસની દ્રષ્ટિએ ઉચ્ચતમ સિદ્ધિઓ પ્રાપ્ત કરીને સંસ્થા અને કોલેજને ૬૦ વર્ષ, ૭૫ વર્ષ, અને શતાબ્દીની સુવર્ણ અમૃતમય ઉત્સવની તરફ લઈ જવાનું છે. આ ઊચ્ચતમ આશવંતો અને ઉજ્જવળ ભાવિભર્યા અમારા સ્વપ્ન અમારા સૌની વિધાયક–પ્રતિબદ્ધ અને સંસ્થા તરફના ઉચ્ચતમ ધ્યેયો દ્વારા પૂર્ણતા પ્રાપ્ત કરી ને શિક્ષણ જગતમાં ગૌરવવતું સ્થાન પ્રાપ્ત કરે તેવી શુભાકાંક્ષા છે. પ્રભુ અમને અમારા આ વિચારોને સામરીત કરવાની ક્ષમતા સાથે અને આજે જેટલું પીઠબળ, આત્મબળ અને કાર્યબળ પ્રાપ્ત થઈ રહ્યું છે. તે સદૈવ અમને મળી રહે તેવી સોસાયટીનાં સૌ સુકાનીઓ, સહ કાર્યકાર મિત્રો, વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા સતત પ્રાપ્ત થતું રહે તેવી શુભકામનાં સહ આપ સૌને ખૂબ ખૂબ અભિનંદન.

**– ડૉ. જી. જે. ખરાદી**

## –: ઋણ સ્વીકાર :–

પ્રમુખ દાતા માનનીય **શ્રી ગિરધરલાલ શેઠ**, જેમણે આ આદિવાસી વિસ્તારમાં પી. એચડી. કક્ષા સુધીનું વિજ્ઞાનનું શિક્ષણ ઘરઆંગણે પ્રાપ્ય બને તે હેતુથી પ્રતિકૂળ સંજોગોમાં કોલેજની સ્થાપનાનું ભગીરથ કાર્ય પાર પાડ્યું, અને જેમની સતત હૂંફ આજે પણઅમોને સાંપડી રહી છે.

માતૃ સંસ્થા દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, દાહોદ સંસ્થાનાં સૂત્રધાર, પ્રેરણારૂપ તથા સ્વપ્નને દિશા અને આકાર આપનાર પ્રમુખ**શ્રી સુરેશભાઈ શેઠ** નું પીઠબળ સદૈવ પ્રાપ્ત થયું છે, જેઓએ અમારી કોલેજમાં અત્યંત આધુનિક ભૌતિક સુવિધાઓ જેવી કે વિદ્યાર્થીઓ માટે લેબોરેટરી, સેનેટરી બ્લોક્સ, પીવાનું પાણી, લેબોરેટરી વપરાશનું પાણી, ઓપન થિયેટર, સ્ટાફ રૂમ, બોટનીકલ ગાર્ડન વગેરે સુવિધાઓ ઉપલબ્ધ કરાવી છે. વહીવટી કાર્યમાં અનુકૂળતા રહે તે માટે કોલેજમાં વહીવટી વિંગ્સ આપી. આ સુવિધા સાથે અમારી કોલેજને ગુજરાતની શ્રેષ્ઠ કોલેજોની હરોળમાં ઊભી રાખી છે અને વિવિધ રચનાત્મક કાર્યમાં દરેક પ્રસંગે સમય અને આર્થિક યોગદાન આપ્યું છે તે બદલ તેઓનું ઋણ સ્વીકાર કરીએ છીએ.

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, દાહોદના માનદ મંત્રીશ્રી તથા ગિરધરનગર કોલેજ સંકૂલના ડાયરેક્ટર **શ્રીમતિ અંજલિબેન પરીખ** અને કોલેજ કેમ્પસના ડાયરેક્ટર **શ્રી મિહિરભાઈ શાહ** તેઓએ પ્રસંગોપાત ઉપસ્થિત રહી સ્ટાફ અને વિદ્યાર્થીઓમાં ઉત્સાહ, ઉત્કૃષ્ટતા સાથે હકારાત્મક પ્રતિભાવ દ્વારા પ્રોત્સાહિત કરવા બદલ અમે તેમનાં આભારી છીએ.

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી વીંઝોલ, ગોધરાના કુલપતિશ્રી **પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ** અને કુલસચિવ **શ્રી ડૉ. અનિલ સોલંકી** જેઓએ હરહમેશા આ વિસ્તારના વિદ્યાર્થીઓના ભવિષ્યને લઈને સતત અમને માર્ગદર્શન આપવા બદલ તેઓશ્રીનો હાર્દિક આભાર માનીએ છીએ.

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના સહયોગથી KCG દ્વારા RUSA Component 2.0 અંતર્ગત કોલેજને ૦૪ કરોડની આર્થિક સહાય આપવા બદલ KCG નો આભાર માનીએ છીએ.

કોલેજના ભૂતપૂર્વ આચાર્ય **શ્રી ડી. એચ. મહેતા, શ્રી ડૉ. એમ. એ. પટેલ અને ડૉ. એ.એમ. પંચોલી**ની રાહબરી હેઠળ સંસ્થા ઉત્તરોત્તર પ્રગતિવાન બની છે.

શ્રી ગિરધરલાલ શેઠ કોલેજ કેમ્પસમાં આવેલી ભગિની સંસ્થાઓ, નવજીવન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જે એન્ડ આર બી. એડ. કોલેજ, ઇંદુભાઈ શેઠ લો કોલેજ અને શેઠશ્રી ગિરધરલાલ મહિલા પી.ટી.સી. કોલેજ, દાહોદના આચાર્યશ્રીઓ તેમજ સ્ટાફમિત્રોનો, પ્રસંગોપાત સદાય હકારાત્મક સાથ આ કોલેજને સાંપડયો છે.

જેઓની આર્થિક સહાય વડે આ અંક પ્રકાશિત પામ્યો છે, એવી સંસ્થાઓના હોદ્દેદારો, કોલેજના ભૂતપૂર્વ સ્ટાફસભ્યો, વર્તમાન સ્ટાફસભ્યો ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમજ અન્ય સર્વે કાર્યકારોનું ઋણ સ્વીકાર કરીએ છીએ.

**– ડૉ. જી. જે. ખરાદી**

# Dahod Anaj Mahajan Sarvajanik Education Society

Sheth Shri Girdharlal Sanskar Kendra, Near Dak Banglow,
Navajivan Vidhya Sankul, Sheth Shri Girdharal Marg, DAHOD
**Ph. :** (02673), 220041, 246597, **Fax :** 242425,
**E-Mail :** dams_41@yahoo.com, damses1949@gmail.com

## શુભેચ્છા સંદેશ



સુરેશભાઈ શેઠ

પ્રતિ
શ્રી નવજીવન સાયન્સ કોલેજ
તથા તેના શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક પરિવાર, સદસ્યો અને વિદ્યાર્થીઓ
જોગ શેઠશ્રી ગિરધરલાલ કોલેજ સંકુલ, ઝાલોદ રોડ, દાહોદ.

આજનો દિવસ જે અનુસંધાને ઉજવાઈ રહ્યો છે તે નવજીવન સાયન્સ કોલેજની સુવર્ણ જયંતી અને તેનો મહોત્સવ એક ગૌરવપ્રદ ઘટનામાં પરિવર્તિત થઈ રહ્યો છે જે એક અનોખી સિદ્ધિરૂપ છે. ઉપસ્થિત સૌને ઘ્યાનમાં જ હશે કે તેના ૫૦ વર્ષના લાંબા કાર્યકાળ દરમ્યાન તેને અનેક તડકી–છાયડી જોઈ છે. વખતો વખત બદલાતી શીક્ષણ નીતિ, વિદ્યાર્થીઓ તથા વાલીઓના માનસ તથા રોજગારના ટ્રેન્ડ સાથે આવી કોલેજો મોટે ભાગે ખોટ કરતી આવતી હોય છે તે છતાંય આ મેનેજમેન્ટ તેનું પોષક રહ્યું છે. તે પાછળનો ઉદ્દેશ માત્ર ને માત્ર શિક્ષણ, સમાજ તથા વ્યક્તિના બૌદ્ધિક સ્તર ઉચું લાવવાના કાર્ય જોડે માનવીય ઉત્થાનનું કામ સેવારૂપ કરવું એવી પ્રતિબદ્ધતાને કારણે તે કાર્ય અદ્ભૂત અને પ્રસંશનીય બની ગયું છે. મ્હારાં સાથીઓ પ્રચંડ ઈચ્છા શક્તિ સાથે સમાજ અને સંસ્થા પ્રત્યેના કૃતજ્ઞતાના ભાવ વ્યક્ત કરવા બનેલા ભેખધારી તથા કર્મનિષ્ઠ એવા ગિરધર નગર કોલેજ કેમ્પસના ડાયરેક્ટર **શ્રીમતી અંજલિ પરીખ** અને નવજીવન સાયન્સ કોલેજના ડાયરેક્ટર **શ્રી મિહિર શાહ** હાલમાં આ કોલેજની ઝીણવટ ભરી તમામ જવાબદારીઓ મેનેજમેન્ટવતી નિભાવી રહ્યા છે ત્યારે આ પ્રસંગે તેમની વિશેષ નોંધ લેવી જ રહી. તેમના પ્રત્યે અહોભાવ વ્યક્ત કરવા સાથે અભિનંદનની લાગણી વ્યક્ત કરું છું. આજ રીતે મેનેજમેન્ટ હસ્તકની અન્ય શાળા, મહાશાળાઓ અન્ય સાથી મિત્રોના નેજા હેઠળ કાર્ય કરી રહી છે તેવી નોંધ લેતા આ તકે ગૌરવની લાગણી અનુભવું છું.

બાહોશ, કર્મશીલ અને તરવરતા યુવાન એવા કાર્યકારી **આચાર્યશ્રી ખરાદી સાહેબ**, શૈક્ષણિક પરિવારજનો તથા તદ્ ઉપરાંત આ કોલેજનો વરસો પર્યંત અગ્રેસર રાખનાર તમામ ભૂતપૂર્વ કર્મશીલ કર્મચારીગણ તથા આચાર્યશ્રીઓનું અભિવાદન કરી આવકારી આભાર માનું છું. તેઓની સેવાઓ બદલ તે સૌને ધન્યવાદ પાઠવું છું.

Register under Indian Society Act 1860 Registration No. Guj/182/Dahod & Bombay Public TrustAct 1950 No. F/180/Dahod

આ પ્રસંગે દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના મારા કોર કમિટીના સાથી મિત્રોનો જવાબદારી પૂર્વકનો ઠોસ ટેકો અમોને સાંપડી રહ્યો છે. ત્યારે આ સંસ્થાનો વહીવટ સુપેરે ચાલી રહ્યો છે. તે સૌ મિત્રગણ તથા મેનેજીંગ કમિટીના અન્ય સભ્યશ્રીઓના માર્ગદર્શન બદલ આભારની લાગણી સાથે તે સૌને અભિનંદન પાઠવું છું. અંતે આ સંસ્થાના આદ્ય સ્થાપક તથા દાહોદની સાર્વત્રિક ચેતનાના પ્રેરક અને સંવર્ધક એવા શેઠશ્રી ગિરધરલાલ તથા આ કોલેજ સંકુલ માટે જમીન દાન કરનાર તેમના ધર્મપત્ની શ્રીમતિ હસુમતિબેન શેઠને વિશેષ રીતે યાદ કરી વંદન કરું છું. તદ્ ઉપરાંત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખર્ચ માટે આર્થિક દાન આપનાર તેમના ઔદ્યોગીક ગૃહ શ્રી નવજીનવ મીલ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરું છું. અમારી આકાંક્ષાઓને અને વિચારોની હર હંમેશ પૂર્તિ કરવા કટિબદ્ધ બનેલા નવજીવન મીલના હાલના નૈતૃત્વ ગણનો પણ આ તકે આભાર માનું છું. તેઓ શેઠશ્રીની દાન આપવાની પરંપરા આજ પર્યંત જાળવી રહ્યાં છે. તે અમારું અહોભાગ્ય છે.

એજ્યુકેશન સોસાયટીના શુદ્ધ હેતુઓ અને તેના કાર્યકારી જૂથની નિષ્ઠા અને પ્રતિબદ્ધતાને કારણે 30 જેટલી સંસ્થાઓનો વહીવટ બિન વિવાદાસ્પદ રીતે ચાલી રહ્યો છે. સાથે કોલેજ પરિવાર ગણ મેનેજમેન્ટની અપેક્ષામાં ખરા ઉતરી ઉમદા સેવા આપી રહ્યું છે ત્યારે તેને આભારી આજનો દિવસ આપણે જોઈ શક્યા છે. ઉપરોક્ત સૌ કાર્યકારોની કાર્ય નિષ્ઠાને કારણે સંસ્થામાં ભણતા વિદ્યાર્થીઓનું ભાવિ સુરક્ષિત સફળ, ઉમદા અને સુંદર બની રહેશે તેમાં બે મત નથી. કોલેજનું ભાવિ વિકાસશીલ રહે તથા સુંદર રહે સાથે અવનવી સિદ્ધિઓ અવિરત થતી રહે એવી શ્રદ્ધા સાથે શુભકામના વ્યક્ત કરું છું.

સૌનું શુભ શુભ રહે એજ અભ્યર્થના

જય ભારત – જય સોસાયટી

આપનોજ પ્રધાન સેવક

**સુરેશ શેઠ**

પ્રમુખ ટ્રસ્ટી તથા પ્રમુખ

દાહોદ અનાજ મહાજન

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી

દાહોદવતી

## શુભેચ્છા સંદેશ



શ્રીમતિ અંજલિ એસ. પરીખ

### શુભેચ્છા સંદેશ

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજના સુવર્ણજયંતી પ્રસંગે હું અભિનંદન સહ પ્રસન્નતા વ્યક્ત કરુ છું. આ શુભ ઘડીને ચીરસ્થાયી સ્વરૂપ પ્રદાન કરવા શબ્દાંકિત અંક પ્રગટ થઈ રહ્યો છે તે બદલ સર્વે કાર્યકર્તાઓને શુભકામના પાઠવું છું. નવજીવન સાયન્સ કોલેજે સ્વર્ણિમ સફર ખેડી છે ત્યારે સુવર્ણ પ્રાપ્ત કરી, શુદ્ધ કરી, તેને ઘાટ આપવા સુધીની Purification ની વૈજ્ઞાનિક પ્રક્રિયા વિજ્ઞાન શાળાની વિદ્યાર્થીની તરીકે સહજ સમરી આવે છે અને તેની પાછળનું તાત્વિક કારણ એ છે કે જ્યારે તટસ્થતાથી સાયન્સ કોલેજની યાત્રાનું મૂલ્યાંકન કરીએ તો ૫૦ વર્ષમાં આપણી સાયન્સ કોલેજ પણ Purification ની પ્રક્રિયામાંથી જ પસાર થઈ છે.

આદ્ય સ્થાપકોએ દાહોદની ભૂમિમાં આ સાયન્સ કોલેજના તત્વને સ્થાપિત કરવા અનેક સામાજિક, આર્થિક ,રાજકીય અને પ્રશાસનિક અવરોધો અને અડચણોના તાપ ખેડયા છે ત્યારે જ આ ઊચ્ચ સંસ્થા પ્રાપ્ત થઈ. શરૂઆતના વર્ષોમાં ઓછી વિદ્યાર્થી સંખ્યા, નાણાકીય ખોટ, સાચા ખોટા સ્થાનિક આંદોલન જેવા કપરા રાસાયણિક શુદ્ધિકરણના પ્લાન્ટમાંથી પસાર થઈ, સને ૧૯૭૩માં માત્ર ૬૦ વિદ્યાર્થીઓ સાથે પાડોશની આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે શરૂ કરવામાં આવેલ નવજીવન સાયન્સ કોલેજ આજે ૧૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ માટે UG અને PG ના વિવિધ પ્રકલ્પો અને કુશળ તજજ્ઞો સાથેની અત્યાધુનિક માળખાકીય સુવિધાઓ યુક્ત સમગ્ર પંથકની જ્ઞાનમય પોષણ આપતી આગવી અને અનુપમ કોલેજ તરીકે ઊભરી આવી છે ગુજરાત યુનિવર્સિટી અને પછીથી શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીમાં તેમજ રાજ્યમાં અગ્રગણ્ય કોલેજમાં સ્થાન પામી છે. સ્વર્ણિમ સફરમાં સાયન્સ કોલેજ સંસ્થા ,ગામ અને જિલ્લા માટે એક ઘરેણા સમ બની રહી છે.

સંસ્થાના સ્થાપકો, દાતાઓ, શુભેચ્છકો, હોદ્દેદારોએ સમયદાન, દ્રવ્યદાન અને દ્રષ્ટિદાન તેમજ કર્મયોગી કર્મચારીઓએ તપનું દાન અર્પિત કરી એક સમયે બંધ થવાની કગાર પર આવેલી આ કોલેજનો

આજે જે રીતે વિકાસ કર્યો છે તે નોંધનીય છે. આર્થિક રીતે નબળા/પછાત આ વિસ્તારમાં શિક્ષણયજ્ઞ દ્વારા અનેક પરિવારોને **'શિક્ષણ દ્વારા સમૃદ્ધિના'** અમારા પૂર્વજોના વિચારને કાર્યાવિન્ત કર્યો છે તે અમારા માટે ગૌરવ અને આનંદપ્રદ છે. આ મંગલ ઘડીએ આપ સૌને આપણે જે પ્રાપ્ત કર્યું છે તેને ટકાવી રાખી, વધુ ઉન્નત બનાવી આપણા સ્વકર્મને સહજ સ્વીકારી વધુ નવા સાત્વિક ફળોને સાયન્સ કોલેજ થકી સમાજને અર્પિત કરીએ એવી શુભ ભાવના વ્યક્ત કરું છું. આપણે સૌ

संगच्छध्वं संवदध्वं
सं वो मनांसि जानताम्।
देवा भागं यथा पूर्वे
सञ्ज्ञानाना उपासते॥

નો સુપંથ અપનાવીએ તેવી લાગણીસહ ફરી એકવાર અભિનંદન અને શુભકામનાઓ પાઠવું છું.

Parikh AS

**અંજલિ પરીખ**
માનદ્ મંત્રી
દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, દાહોદ

આ અહીં પહોચ્યાં પછી આટલું સમજાય છે,
કોઈ કંઈ કરતું નથી, આ બધું તો થાય છે !

હાથ હોવાથી જ કંઈ ક્યાં કશું પકડાય છે ?
શ્વાસ જેવા શ્વાસ પણ વાય છે તો વાય છે !

આંખ મીંચીને હવે જોંઉ તો દેખાય છે,
ક્યાંક કંઈ ખૂલી રહ્યું, ક્યાંક કંઈ બિડાય છે !

જે ઝળકતું હોય છે તારકોનાં મૌનમાં,
એ જ તો સૌરભ બની આંગણે વિખરાય છે !

શબ્દને અર્થો હતાં, ઓગળી કલરવ થયાં,
મન, ઝરણ, પંખી બધું ક્યાં જુદું પરખાય છે !

**– રાજેન્દ્ર શુક્લ**

Established vide Gujarat Act No. 24/2015
Godhra - Gujarat - 389001

# SHRI GOVIND GURU UNIVERSITY

નં.એસ.જી.જી.યુ/વીસી/૨૦૨૩/૮૦
દિ. ૨૭/૦૪/૨૦૨૩

## શુભેચ્છા સંદેશ



પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ

આદિવાસી સમુદાયનું બાહુલ્ય ધરાવતા દાહોદ જીલ્લામાં વનવાસી તથા જરૂરિયાતમંદ પરિવારોને ઘરઆંગણે ઉત્તમ કક્ષાનું શિક્ષણ સેવાઓ આપતી અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદની સ્થાપના તા. ૧૫/૬/૧૯૭૩ ના રોજ કરવામાં આવી હતી. જેના ૫૦ વર્ષ પૂર્ણ થતા હોઈ સુવર્ણ જંયતિ ની ઉજવણી ના સંદર્ભમાં પ્રકાશિત સોવેનિયર માટે નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ સાથે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જોડાયેલ સૌને હું હૃદયપૂર્વક શુભેચ્છાઓ પાઠવું છું.

નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ શિક્ષણ માટે પણ સતત પ્રયત્નશીલ છે. એ માટે સંચાલક મંડળ અને કર્મચારીઓને અભિનંદન પાઠવું છું. તથા આપની આ પ્રવૃત્તિઓ અને સેવાકાર્ય અવિરત રહે તેવી શ્રીહરીને પ્રાર્થના કરૂં છું.

ફરી એક વખત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના સુવર્ણ જયંતિ ની ઉજવણીના સંદર્ભમાં પ્રકાશિત સોવેનિયર પ્રસંગે સંસ્થા સાથે જોડાયેલા દરેક વ્યક્તિને મારા વંદન અને અંતઃકરણ પૂર્વક શુભકામનાઓ પાઠવું છું.

**પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ**
કુલપતિ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, દાહોદ.

At. Vinzol, Po. Kakanpur, Ta. Godhra - 388713 Mo. 99784 00699
E mail : registrar@sggu.ac.in website : www.sggu.ac.in

Established vide Gujarat Act No. 24/2015
Godhra - Gujarat - 389001
SHRI GOVIND GURU UNIVERSITY

નં.એસજીજીયુ/કુ.સચિવ/શુ.સં/૨૦૨૩
દિ. ૧૬/૦૫/૨૦૨૩

## શુભેચ્છા સંદેશ



**ડૉ. અનિલ સોલંકી**

નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ એ આદિવાસી વિસ્તારમાં હોવા છતાં એક ઉદાહરણ રૂપ વિજ્ઞાન કોલેજ રૂપ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીમાં છાપ ધરાવે છે. સતત સારા પરિણામો, અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમનું સફળ સંચાલન તથા શૈક્ષણિકોત્તર પ્રવૃતિઓમાં પણ સદા અગ્રેસર એવી આ કોલેજના વિદ્યાર્થીઓ, શિક્ષકો, આચાર્યશ્રી, કર્મચારીઓ, તથા હકારાત્મક અને પ્રગતિશીલ અભિગમ ધરાવતા સંચાલકો ને સુવર્ણ જયંતી પ્રસંગે શુભેચ્છાસહ અને હાર્દિક અભિનંદન.

**ડૉ. અનિલ સોલંકી**
રજીસ્ટ્રાર
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
વીંઝોલ, ગોધરા, ગુજરાત

At. Vinzol, Po. Kakanpur, Ta. Godhra - 388713 Mo. 99784 00699
E mail : registrar@sggu.ac.in website : www.sggu.ac.in



શ્રી અરવિંદભાઇ પંચોલી

## અભ્યર્થના

સાપેક્ષવાદની દ્રષ્ટિએ આ વિસ્તારની વિજ્ઞાન સંસ્થા માટે સુપેરે પૂરા થતા ‘અસ્તિત્વના ૫૦ વર્ષ’ – એક આહલાદક ઘટના બની રહેલ છે ત્યારે, આ ઘટનાના સહભાગી એવા માતૃ સંસ્થાના આજ–પર્યંતના સર્વ સૂત્રધારીઓ, મારા પુરોગામી અને અનુગામી આચાર્યશ્રીઓ, નવજીવન સાયન્સ પરિવાર (પ્રિય વિદ્યાર્થી દોસ્તો સહિત)ના સર્વ સ્વજનોનું સ્મરણ માત્ર કરતા બસ ‘ મજા આવી જાય છે.’

અને ત્યારે, અભાવના સત્યને આત્મસાત કરી, તેની સકારાત્મક ઉર્જાને સ્વપ્ન સિધ્ધિના સોપાનમાં પરિવર્તિત કરી સ્વચ્છ અને પ્રામાણિક પ્રયત્નો થી વિજ્ઞાન કોલેજોમાં **‘વિશિષ્ટ મુદ્રા’** અંકિત કરનાર **“મા”** નો આ વૈભવ અમર રહે તે જ અભ્યર્થના –

**અરવિંદ પંચોલી**
પૂર્વ આચાર્ય
નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતે ॥

પ્રગટ બ્રહ્મસ્વરૂપ
મહંતસ્વામી મહારાજ
(સ્વામીશ્રી કેશવજીવનદાસજી)

2332348

આશીર્વાદ



મંહતસ્વામી મહારાજ

## શુભેચ્છા સંદેશ

તા. ૦૭-૦૫-૨૦૨૩
લંડન

પ્રતિ,
પ.ભ. શ્રી ગૌરાંગભાઈ ખરાદી (પ્રિન્સિપાલ),
જય સ્વામીનારણ.

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ દાહોદ ને ૧૪ જૂન ૨૦૨૩ ના રોજ ૫૦ વર્ષ પૂર્ણ થાય છે. તો આ સુવર્ણ જયંતી નિમિતે સમગ્ર ટ્રસ્ટને ખૂબ ખૂબ અભિનંદન.

આપની આ કોલેજ દ્વારા અનેક વિદ્યાર્થીઓએ પોતાની ઉજ્જવળ કારકિર્દી બનાવી છે. તેની સાથે સુશિક્ષિત અને સંસ્કારી વિદ્યાર્થીઓ સમાજને આપી દેશની ખૂબ સારી સેવા કરી રહ્યા છે. આવી જ રીતે આપના આ ટ્રસ્ટ દ્વારા સમાજને સવિધા પ્રદાન કરવાનું અને ચારિત્રવાન સમાજનું ગઢતર કરવાનું સૌભાગ્ય હમેશાં પ્રાપ્ત થતું રહે. આ ટ્રસ્ટના સર્વે સભ્યો તેમજ કોલેજના તમામ કર્મચારીઓ તને, મને, ધને ખૂબ સુખી થાય અને તેઓની અધ્યાત્મિક પ્રગતિ થાય તે માટે પીઆરએમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે શ્રી અક્ષરપુરષોત્તમ મહારાજ અને પ્રમુખ સ્વામી મહારાજના ચરણોમાં પ્રાર્થનાકરી આશીર્વાદ પાઠવ્યા છે.

લિ. સાધુ શ્રુતિપ્રિયદાસ ના જય સ્વામિનારાયણ,

**સાધુ કેશવજીવનદાસ (મહંતસ્વામી મહારાજ)** ના આશીર્વાદસહ ઘણાંજ હેતપૂર્વક
જય સ્વામિનારાયણ.

## વિધાનસભા

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
Government of Gujarat

**કનૈયાલાલ બચુભાઈ કિશોરી**
**ધારાસભ્ય – ૧૩૨, દાહોદ વિધાનસભા**

## શુભેચ્છા સંદેશ



કનૈયાલાલ બી. કિશોરી

જા. નં. /૧૩૨/કે.કે/૬૫/૨૦૨૨–૨૩ તા. ૨૭/૪/૨૦૨૩

પ્રતિ
આચાર્યશ્રી
નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ.

શિક્ષણ કોઈ પણ સમાજ, વ્યક્તિ કે દેશના વિકાસ માટે અનિવાર્ય છે. આ દેશનો પ્રત્યેક નાગરીક પછી તે માં–બાપ હોય કે રાજનેતા, સમાજશાસ્ત્રી કે શિક્ષાવિદ આજે શિક્ષણનું મહત્વ સ્વીકારે છે.

દાહોદ જીલ્લાના ભાઈ–બહેનોને પણ વિજ્ઞાન પ્રવાહનો અભ્યાસ મળી શકે તે માટે દાહોદ જીલ્લામાં નવજીવન સાયન્સ કોલેજ સ્થાપવા માટે હું દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીનો આભાર માનું છું તથા નવજીવન સાયન્સ કોલેજના ભૂતપુર્વ વિદ્યાર્થીસંઘ ઉત્તરોતર પ્રગતિ કરતા રહે તેવી શુભેચ્છા પાઠવું છું સાથે સાથે આ વર્ષ નવજીવન સાયન્સ કોલેજ પોતાના ૫૦ વર્ષ પૂર્ણ કરવા જઈ રહી છે જેની મને ખુશી છે. આ પ્રસંગે હું તમામ ટ્રસ્ટીગણ, શિક્ષકગણ અને વિદ્યાર્થીગણને શુભેચ્છા વ્યક્ત કરુ છું.

**કનૈયાલાલ બી. કિશોરી**
ધારાસભ્ય
૧૩૨ દાહોદ વિધાન સભા

लोकहितम करणीयम

**શુભેચ્છા સંદેશ**



**શ્રીમતિ રીનાબેન પંચાલ**

અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ૨૦૨૩માં જ્યારે સુવર્ણ જયંતિ મનાવવા જઈ રહ્યું છે, ત્યારે આ પ્રસંગની ઉજવણી માટે પ્રકાશિત સ્મૃતિગ્રંથ ના સંદર્ભમાં કોલેજ પરિવારને અંતઃકરણ પૂર્વક શુભેચ્છાઓ પાઠવું છું.

દાહોદ જીલ્લામાં સ્થાપિત નવજીવન સાયન્સ કોલેજ, આ જીલ્લાના પછાત વિસ્તાર માટે આશિર્વાદરૂપ સ્થાપિત થયેલ છે. અને આજ દિશામાં કોલેજ, તેના ખૂબ ઊચ્ચ સ્તરે પહોંચે તેવી શુભેચ્છાઓ પાઠવું છું.

**રીના પંચાલ**
પ્રમુખશ્રી
દાહોદ નગરપાલિકા

BOCHASANWASI SHRI AKSHAR PURSHOTTAM SWAMINARAYAN SANSTHA
**SHREE SWAMINARAYAN MANDIR**
Opp. Chitrakoot, Sec-9, Ajmer Road, Jaipur (Rajasthan)302021.
Tel. : (0141) 302021 Fax : (0141) 2246150.



સાધુ સર્વદર્શન દાસ

## શુભેચ્છા સંદેશ

પ્રતિ,
પરમ ભક્ત શ્રી ગૌરાંગભાઈ ખરાદી (પ્રિન્સિપાલ),
તેમજ મારા સમગ્ર વિદ્યાગુરુવર્યોનાં ચરણોમાં કોટી કોટી વંદન સહ જય સ્વામિનારાયણ.

વિશેષ દાહોદ અનાજ મહાજન એજ્યુકેશન સોસાયટી સંચલિત નવજીવન સાયન્સ કોલેજને તારીખ ૧૪ જૂન ૨૦૨૩ નાં રોજ ૫૦ વર્ષ પુર્ણ થતાં હોય, અદભૂદ સુવર્ણ મહોત્સવ ઉજવાઇ રહ્યો છે તે બદલ સમગ્ર કોલેજ પરિવારને ખૂબ ખૂબ હાર્દિક અભિનંદ સહ અભિવંદન.

આજે હું જે કઈ ગૌરવપૂર્ણ સ્થાન પર પહોચ્યો છું તેમાં ખરેખર આપ સૌ વિદ્યાગુરુવર્યો તેમજ સમગ્ર કોલેજ પરિવારનું બહુ જ મોટું આશીર્વાદ પૂર્ણ યોગદાન રહ્યું છે.

વિદ્યાર્થી અવસ્થાના એ સુવર્ણ કાળ દરમિયાન સાચે જ આપ સૌ દ્વારા મને જે પ્રેમ, પ્રોત્સાહન, હુંફ, આદર અને માર્ગદર્શન મળ્યા છે તેને કારણે જ આજે હું અધ્યાત્મ અને સમાજસેવાના ક્ષેત્રમાં આગળ વધ્યો છું.

એ જ શુભેચ્છાઓ સાથે આવી જ રીતે આવનારા શત શત વર્ષ સુધી હજારો વિદ્યાર્થીઓને સંસ્કૃતિ અને સંસ્કાર સાથેનું શિક્ષણ આપણી સંસ્થા દ્વારા મળતું રહે તેવી ભગવાન સ્વામિનારાયણ અને પ્રગટ ગુરુ હરી મહંત સ્વામી મહારાજના શ્રી ચરણોમાં પ્રાર્થના.

લિ. સાધુ સર્વદર્શનદાસ (ગુરુ મહંતસ્વામી મહારાજ)
નાં સસ્નેહ જય સ્વામિનારાયણ.

**સાધુ સર્વદર્શનદાસ**
ભૂતપૂર્વ વિદ્યાર્થી (૧૯૯૨-૧૯૯૪)
નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ

## શુભેચ્છકોની યાદી

| ક્રમ | નામ | રકમ | શહેર |
|---|---|---|---|
| ૧. | શ્રી ઓમપ્રકાશ ભંડારી (વસંત મસાલા) | ૩૧,000.00 | અમદાવાદ |
| ૨. | શ્રી દિલિપ મહેતા (સમર્થ લેબોરેટરી) | ૨૧,000.00 | દાહોદ |
| ૩. | શ્રી વાલટાં સિંગ | ૧૧,000.00 | બરોડા |
| ૪. | શ્રી અજય રાઠોડ | ૧૧,000.00 | ભુજ |
| ૫. | ડૉ. રીટાકુમારી કે. રાય | ૫,000.00 | દાહોદ |
| ૬. | ડૉ. હરીશકુમાર આર. ડાભી | ૫,000.00 | દાહોદ |
| ૭. | ડૉ. જીતેન્દ્ર એમ. પટેલ | ૫,000.00 | દાહોદ |
| ૮. | પ્રો. સંજયકુમાર કે. પરમાર | ૫,000.00 | છોટા ઉદેપુર |
| ૯. | શ્રી રાહુલ બી. ગોહીલ | ૫,000.00 | દાહોદ |
| ૧૦. | શ્રી દીક્ષિત ડી. રાઠવા | ૫,000.00 | ગોધરા |
| ૧૧. | શ્રી કનુભાઇ સોલંકી (પી.એસ.આઇ.) | ૫,000.00 | દાહોદ |
| ૧૨. | શ્રી જાવેદખાન પઠાણ | ૫,000.00 | બાલાસિનોર |
| ૧૩. | શ્રી સતિષ સોરઠિયા | ૫,000.00 | વડોદરા |
| ૧૪. | શ્રી ગણાવા બાબુભાઇ મલસિંગભાઇ | ૫,000.00 | દાહોદ |
| ૧૫. | ડૉ. નયન આર. પારેખ | ૫,000.00 | અમદાવાદ |
| ૧૬. | ડૉ. મહેશ મછાર | ૫,000.00 | નડિયાદ |
| ૧૭. | ડૉ. દીપક કે ભોઇ | ૫,000.00 | નડિયાદ |
| ૧૮. | ડૉ. રમાકાંત પંડ્યા | ૫,000.00 | ગોધરા |
| ૧૯. | ડૉ. મુકેશ ચૌહાણ | ૫,000.00 | ગોધરા |
| ૨૦. | શ્રીમતિ રાગિનીબેન પટેલ | ૫,000.00 | દાહોદ |
| ૨૧. | શ્રી કેતન પટેલ | ૫,000.00 | ઝાલોદ |
| ૨૨. | શ્રી અમીત ઠાકર | ૫,000.00 | અમદાવાદ |
| ૨૩. | ગિરીશ દેવધાવાલા | ૫,000.00 | દાહોદ |

## શુભેચ્છકોની યાદી

| ક્રમ | નામ | રકમ | શહેર |
|---|---|---|---|
| ૨૪. | શ્રી જીગર બી. બોદર | ૫,૦૦૦.૦૦ | દાહોદ |
| ૨૫. | શ્રી પ્રજ્ઞા પટેલ | ૫,૦૦૦.૦૦ | ગોધરા |
| ૨૬. | શ્રી મિલન ગોહીલ | ૩,૧૧૧.૦૦ | કપડવંજ |
| ૨૭. | ડૉ. કેતન એચ. પરમાર | ૩,૧૦૧.૦૦ | દાહોદ |
| ૨૮. | શ્રી ધર્મેશ એમ. પ્રજાપતિ | ૩,૧૦૦.૦૦ | દાહોદ |
| ૨૯. | શ્રી હિરલ સોલંકી | ૩,૦૦૦.૦૦ | દાહોદ |
| ૩૦. | ડૉ. અજય ડી. રાજ | ૩,૦૦૦.૦૦ | દાહોદ |
| ૩૧. | શ્રીમતિ આહુતિ પંડ્યા | ૩,૦૦૦.૦૦ | આણંદ |
| ૩૨. | શ્રીમતિ સોનમ એન. ભ્રમભટ્ટ | ૩,૦૦૦.૦૦ | દાહોદ |
| ૩૩. | ડૉ. અરિહંત શાહ | ૩,૦૦૦.૦૦ | વડોદરા |
| ૩૪. | શ્રી નિતિન કે. પરમાર | ૩,૦૦૧.૦૦ | પોરબંદર |
| ૩૫. | શ્રીમતિ ફાલ્ગુની ભાભોર | ૨,૧૦૦.૦૦ | અમદાવાદ |
| ૩૬. | શ્રી લલિતકુમાર આર. સોલંકી | ૨,૦૦૦.૦૦ | દાહોદ |
| ૩૭. | શ્રીમતિ સુનંદા ખપેડ | ૨,૦૦૦.૦૦ | દાહોદ |
| ૩૮. | ડૉ. કે. ટી. જોષી | ૨,૦૦૦.૦૦ | દાહોદ |
| ૩૯. | શ્રી પ્રિતેશ સી. પવાર | ૨,૦૦૦.૦૦ | દાહોદ |
| ૪૦. | શ્રી નૈષધ પ્રજાપતિ | ૨,૦૦૦.૦૦ | લીમખેડા |
| ૪૧. | શ્રી અંકિત ચૌહાણ | ૨,૦૦૦.૦૦ | દાહોદ |
| ૪૨. | પી.એચ.ડી વિદ્યાર્થીઓ (શા.શિક્ષણ વિ.) | ૨,૦૦૦.૦૦ | દાહોદ |
| ૪૩. | ભુમિ ટીલવાણી | ૨,૦૦૦.૦૦ | દાહોદ |
| ૪૪. | શ્રી ધિરજ પરમાર | ૨,૦૦૦.૦૦ | દાહોદ |
| ૪૫. | શ્રી ફતેસિંહ નલવાયા | ૧૧૦૦.૦૦ | દાહોદ |
| ૪૬. | શ્રી જયેશ સી. પવાર | ૧૦૦૦.૦૦ | દાહોદ |

## || નવજીવન સાયન્સ કોલેજ સ્ટાફ પરિવાર ||



## હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ




ખુરશી બેઠેલા ડાબેથી

(૧). ડૉ. રુચિતા પટેલ (૨). પ્રો. એન.એ.વ્હોરા (૩). ડૉ. જી.જે ખરાદી (૪). ડૉ. રીટા કે. રાય (૫). ડૉ. કે. જે. મહેતા

ઊભેલા ડાબેથી

(૧). પ્રો. પ્રિતેશ પવાર (૨). ડૉ. વિપુલ ચૌહાણ (૩). પ્રો. સંદીપ પ્રજાપતિ

## ઓફિસ સ્ટાફ



ખુરશીમાં બેઠેલા ડાબેથી

(૧). દેવેન્દ્ર ચાંપનેરી (૨). રુચા પારેખ (૩). ડૉ. જી.જે ખરાદી (૪). જીગર બોદર (૫). વિનોદ ગડરિયા

ઊભેલા ડાબેથી

(૧).મુકેશભાભોર (૨). કરન કિશોરી (૩). કાળુ પીઠાયા

## નવજીવન સાયન્સ કોલેજ પરિવાર
## વર્તમાન શૈક્ષણિક સભ્યો
## પ્રિ. ડૉ. જી. જે. ખરાદી

| ક્રમ | સ્ટાફ સભ્યનું નામ | વિભાગ | હોદ્દો |
|---|---|---|---|
| ૧ | ડૉ. આર. કે. રાય | રસાયણશાસ્ત્ર | એસો. પ્રોફેસર |
| ૨ | ડૉ. જે. એમ. પટેલ | રસાયણશાસ્ત્ર | એસો. પ્રોફેસર |
| ૩ | શ્રીમતી એન. એ. વોહરા | પ્રાણીશાસ્ત્ર | એસો. પ્રોફેસર |
| ૪ | ડૉ. કે. જે. મેહતા | વનસ્પતિશાસ્ત્ર | એસો. પ્રોફેસર |
| ૫ | ડૉ. એચ. આર. ડાભી | રસાયણશાસ્ત્ર | એસો. પ્રોફેસર |
| ૬ | ડૉ. વી. જે. ચૌહાણ | શારીરિક શિક્ષણ | આસી. પ્રોફેસર |
| ૭ | ડૉ. એન. એમ. વાઘેલા | રસાયણશાસ્ત્ર | આસી. પ્રોફેસર |
| ૮ | શ્રી પી..સી. પવાર | ગણિતશાસ્ત્ર | આસી. પ્રોફેસર |
| ૯ | ડૉ. આર. આર. પટેલ | ભૌતિકશાસ્ત્ર | આસી. પ્રોફેસર |
| ૧૦ | ડૉ. વી. આર. જૈન | ભૌતિકશાસ્ત્ર | આસી. પ્રોફેસર |
| ૧૧ | ડૉ. એસ. એ. પટેલ | રસાયણશાસ્ત્ર | આસી. પ્રોફેસર |
| ૧૨ | ડૉ. કે. ટી. જોષી | રસાયણશાસ્ત્ર | અધ્યાપક સહાયક |
| ૧૩ | ડૉ. ડી. કે. રાણા | પ્રાણીશાસ્ત્ર | અધ્યાપક સહાયક |
| ૧૪ | શ્રી આર. બી. ગોહિલ | ગણિતશાસ્ત્ર | અધ્યાપક સહાયક |
| ૧૫ | શ્રી એન. આર. પટેલ | રસાયણશાસ્ત્ર | અધ્યાપક સહાયક |

| ક્રમ | સ્ટાફ સભ્યનું નામ | વિભાગ | હોદ્દો |
|---|---|---|---|
| ૧૬ | શ્રી ડી. ડી. રાઠવા | રસાયણશાસ્ત્ર | અધ્યાપક સહાયક |
| ૧૭ | શ્રી અંકિત ચૌહાણ | પ્રાણીશાસ્ત્ર | હંગામી લેક્ચરર |
| ૧૮ | કુ સુષ્મા રાવત | પ્રાણીશાસ્ત્ર | હંગામી લેક્ચરર |
| ૧૯ | કુ શિખા મોઢિયા | માઇક્રોબાયોલોજી | હંગામી લેક્ચરર |
| ૨૦ | કુ સુનંદા ખપેડ | વનસ્પતિશાસ્ત્ર | હંગામી લેક્ચરર |
| ૨૧ | શ્રી હિરલ સોલંકી | રસાયણશાસ્ત્ર | હંગામી લેક્ચરર |
| ૨૨ | કુ અંજલિ ભાભોર | વનસ્પતિશાસ્ત્ર | હંગામી લેક્ચરર |
| ૨૩ | શ્રી નૈષધ પ્રજાપતિ | ગણિતશાસ્ત્ર | હંગામી લેક્ચરર |
| ૨૪ | શ્રી સંદીપ પ્રજાપતિ | માઇક્રોબાયોલોજી | હંગામી લેક્ચરર |
| ૨૫ | કુ ભૂમિ ટીલવાની | રસાયણશાસ્ત્ર | હંગામી લેક્ચરર |
| ૨૬ | શ્રી મોહિત અગ્રવાલ | ભૌતિકશાસ્ત્ર | હંગામી લેક્ચરર |
| ૨૭ | શ્રી ધીરજ પરમાર | પ્રાણીશાસ્ત્ર | હંગામી લેક્ચરર |
| ૨૮ | કુ. મેઘના કંથારીયા | અંગ્રેજી વિભાગ | ગેસ્ટ લેક્ચરર |
| ૨૯ | કુ. કૃપાલી પરમાર | માઇક્રોબાયોલોજી | હંગામી લેક્ચરર |
| ૩૦ | ગઝાલા શેખ | પ્રાણીશાસ્ત્ર | હંગામી લેક્ચરર |

## નવજીવન સાયન્સ કોલેજ પરિવાર
## વર્તમાન બિન શૈક્ષણિક સભ્યો
## પ્રિ. ડૉ. જી. જે. ખરાદી

| ક્રમ | સ્ટાફ સભ્યનું નામ | વિભાગ | હોદ્દો |
|---|---|---|---|
| ૧ | શ્રી લલિતભાઈ આર. સોલંકી | વનસ્પતિશાસ્ત્ર | પ્લાન્ટ કલેક્ટર |
| ૨ | શ્રી ફતેસિંહ આર. નલવાયા | રસાયણશાસ્ત્ર | સ્ટોર કીપર |
| ૩ | શ્રી કાળુભાઈ એમ. પિઠાયા | ઓફિસ | સ્વીપર |
| ૪ | કુ રૂચા પારેખ | ઓફિસ | જુનિયર ક્લાર્ક |
| ૫ | શ્રી જીગર બોદર | ઓફિસ | જુનિયર ક્લાર્ક |
| ૬ | શ્રી જયેશકુમાર સી. પવાર | રસાયણશાસ્ત્ર | લેબ. આસિસ્ટન્ટ |
| ૭ | શ્રીમતી મનીષા એમ. નાગર | પ્રાણીશાસ્ત્ર | હંગામી લેબ. આસિસ્ટન્ટ |
| ૮ | શ્રી અશ્વિન તડવી | રસાયણશાસ્ત્ર | હંગામી લેબ. આસિસ્ટન્ટ |
| ૯ | શ્રી મયંક બિલવાલ | રસાયણશાસ્ત્ર | હંગામી લેબ. આસિસ્ટન્ટ |
| ૧૦ | શ્રી રવિન્દ્ર મુનિયા | રસાયણશાસ્ત્ર | હંગામી લેબ. આસિસ્ટન્ટ |
| ૧૧ | શ્રી વિનોદ કે. ગડરિયા | ઓફિસ | હંગામી એકાઉન્ટટ |
| ૧૨ | શ્રી રમેશભાઈ બી. મકવાણા | પ્રાણીશાસ્ત્ર | હંગામી સેવકભાઈ |
| ૧૩ | શ્રી અનિલ બી. કિશોરી | રસાયણશાસ્ત્ર | સેવકભાઈ |
| ૧૪ | શ્રી દિનેશભાઇ કોલી | ભૌતિકશાસ્ત્ર | સેવકભાઈ |
| ૧૫ | શ્રી સુનિલભાઈ ડામોર | ગણિતશાસ્ત્ર | સેવકભાઈ |
| ૧૬ | શ્રી લક્ષ્મણ ગોહિલ | રસાયણશાસ્ત્ર | સેવકભાઈ |

| ક્રમ | સ્ટાફ સભ્યનું નામ | વિભાગ | હોદ્દો |
|---|---|---|---|
| ૧૭ | શ્રી મુકેશભાઇ બી. ભાભોર | ઓફિસ | હંગામી સેવકભાઈ |
| ૧૮ | શ્રી દેવેન્દ્રભાઈ ચાંપાનેરી | ઓફિસ | હંગામી જુનિયર ક્લાર્ક |
| ૧૯ | શ્રી નયનભાઈ મુનિયા | ભૌતિકશાસ્ત્ર | હંગામી લેબ. આસિસ્ટન્ટ |
| ૨૦ | શ્રી ધવલભાઈ ધાકીયા | રસાયણશાસ્ત્ર | હંગામી સેવકભાઈ |
| ૨૧ | કુ કૃપાલી પરમાર | માઈક્રોબાયોલોજી | હંગામી લેબ. આસિસ્ટન્ટ |
| ૨૨ | શ્રી પંકજભાઈ સોલંકી | રસાયણશાસ્ત્ર | હંગામી સેવકભાઈ |
| ૨૩ | શ્રી જિજ્ઞેશભાઈ ધાકીયા | રસાયણશાસ્ત્ર | હંગામી સેવકભાઈ |
| ૨૪ | શ્રી અખિલેશભાઈ બારિયા | ગ્રંથાલય | હંગામી ગ્રંથપાલ |
| ૨૫ | શ્રી ભોલેશ્વરભાઇ ગોહિલ | માઈક્રોબાયોલોજી | હંગામી સેવકભાઈ |
| ૨૬ | શ્રી રમેશભાઈ ભૂરીયા | ઓફિસ | હંગામી માળીભાઈ |
| ૨૭ | કુ. ઋતુકુમારી રાઠોડ | પ્રાણીશાસ્ત્ર | હંગામી લેબ. આસિસ્ટન્ટ |
| ૨૮ | શ્રી અલ્પેશભાઈ પરમાર | પ્રાણીશાસ્ત્ર | હંગામી સેવકભાઈ |

## રસાયણશાસ્ત્ર વિભાગ




રસાયણશાસ્ત્ર વિભાગ નવજીવન સાયન્સ કોલેજનો સૌથી મહત્વનો વિભાગ છે, જેની સ્થાપના ૧૯૭૩ માં **ડૉ. ડી. એચ. મહેતા સાહેબ** ના આચાર્ય પદ હેઠળ થઈ હતી, અને ક્રમશ: અમે સ્નાતક, અનુસ્નાતક, પી.એચડી., C.O.C અને C.O.P જેવાં અભ્યાસક્રમ ચલાવી રહ્યાં છીએ. રસાયણશાસ્ત્રમાં અનુસ્નાતક કક્ષા એ વર્ષ ૨૦૨૧ થી સ્વનિર્ભર યુનિટ શરૂ કરેલ છે.

આ વિભાગના ત્રણ સભ્યો શ્રી **ડૉ. એ. એમ. પંચોલી** અને **ડૉ. આર. કે. રાય** ને કર્મશીલ તથા **ડૉ એ. કે. રાણા** સર ને પ્રતિભા એવોર્ડ દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી દ્વારા આપીને સન્માનિત કરેલ છે, આ વિભાગનાં અધ્યક્ષ **ડૉ. આર. કે. રાય** જેઓને ૨૦૧૫ માં ગુજરાત યુનિવર્સિટીનાં બોર્ડ ઓફ સ્ટડીઝમાં નિમણુંક મળી હતી, અને શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીમાં વર્ષ ૨૦૧૮–૨૧ સમયગાળા દરમ્યાન એકઝેક્યુટિવ કમિટીનાં મેમ્બર તરીકે, તેમજ ૨૦૨૨માં નેશનલ એજ્યુકેશન પોલિશીના કમિટી મેમ્બર તરીકે પણ નિમણૂક મેળવેલ છે. શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી નાં બોર્ડ ઓફ સ્ટડીઝ નાં મેમ્બર તરીકે વર્ષ ૨૦૨૨ થી **ડૉ. જે. એમ. પટેલ** અને **ડૉ. એચ. આર. ડાભી** ની પણ નિમણુંક થયેલ છે. તેમજ **ડૉ. જી. જે. ખરાદી**ની ૨૦૨૩–૨૦૨૪ થી ડૉ. સુભાષ યુનિવર્સિટી, જુનાગઢના બોર્ડ ઓફ સ્ટડીસનાં મેમ્બર તરીકે નિમણૂક થયેલ છે.વધુમાં રસાયણ વિભાગ માંથી સ્નાતક કક્ષાએ બે વિદ્યાર્થીઓ અને અનુસ્નાતક કક્ષાએ એક વિદ્યાર્થીની એ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી દ્વારા ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ છે.

આ વિભાગમાં રસાયણ શાસ્ત્ર વિષયમાં અદ્યતન અને ઉચ્ચ ગુણવત્તા યુક્ત શિક્ષણ અને સંશોધન પ્રદાન કરવાની સમૃદ્ધ પરંપરા છે. વિદ્યાર્થીઓ સેમિનાર અને લાઇબ્રેરીનો સહજ ઉપયોગ કરે છે, જેમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠિત જર્નલ અને પાઠ્યપુસ્તકોનો વિશાળ સંગ્રહ આવેલ છે. આ વિભાગ સંશોધન માટે અને ઉત્તમ અભ્યાસ માટે અદ્યતન સંસાધનો ધરાવે છે. અનુસ્નાતકની પદવી મેળવેલા વિદ્યાર્થીઓ પૈકી સારા એવા વિદ્યાર્થીઓ દર વર્ષે N.E.T. તેમજ G.S.E.T. જેવી પરીક્ષામાં ઉત્તીર્ણ થાય છે.

આ વિભાગમાંથી અત્યાર સુધી ૧૪ જેટલા વિદ્યાર્થીઓએ પી.એચ.ડી. ની પદવી પ્રાપ્ત કરેલ છે. હાલમાં ૧૦ વિદ્યાર્થીઓ નું સંશોધન કાર્ય અમારા વિભાગના અધ્યાપકો ના માર્ગદર્શન હેઠળ કાર્યરત છે. રસાયણ વિભાગના અધ્યાપકો દ્વારા ૧૮૧ સંશોધન પત્રો પ્રતિષ્ઠિત જર્નલમાં પ્રકાશિત કર્યા તેમજ ૧૪ પુસ્તકો પણ પ્રકાશિત કરેલ છે, આ વિભાગે U.G.C ભંડોળ દ્વારા ૧૨ નાના સંશોધન પ્રોજેક્ટ્સ અને ભાભા એટોમિક રિસર્ચ એન્ડ નુક્લિયર સાયન્સના ભંડોળ દ્વારા રૂપિયા ૨૫ લાખનો સંશોધન પ્રોજેક્ટ પૂર્ણ કરેલ છે.

વધુમાં ગુજરાત સરકાર દ્વારા "સોઈલ હેલ્થ કાર્ડ" પ્રોગ્રામ હેઠળ સોઈલ એનાલિસિસ નો પ્રોજેક્ટ આ વિભાગને પ્રાપ્ત થયેલ હતો. જેમાં આ પ્રોજેક્ટ ને પૂર્ણ કરવા માટે આ વિભાગ નાં પ્રોગ્રામ કો–ઓર્ડિનેટર તરીકે **ડૉ. આર. કે. રાય, ડૉ. જે. એમ. પટેલ, ડૉ. એચ. આર. ડાભી** તેમજ **ડૉ. જી. જે. ખરાદી**ની નિમણૂક થયેલી હતી.

## રસાયણશાસ્ત્ર માંથી પી.એચ.ડી થયેલ વિદ્યાર્થીઓ

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | માર્ગદર્શક શ્રી નું નામ | વર્ષ |
|---|---|---|---|
| ૧ | ડૉ ખરોદાવાલા મહમ્મદભાઈ | ડૉ. અર્જુનસિંહ કે. રાણા | ૨૦૦૪ |
| ૨ | ડૉ. હરિશકુમાર આર. ડાભી | ડૉ. અર્જુનસિંહ કે. રાણા | ૨૦૦૫ |
| ૩ | ડૉ. રમાકાંતભાઈ એન. પંડ્યા | ડૉ. અર્જુનસિંહ કે. રાણા | ૨૦૦૮ |
| ૪ | ડૉ. દીપકકુમાર કે. ભોઈ | ડૉ. અર્જુનસિંહ કે. રાણા | ૨૦૧૦ |
| ૫ | ડૉ. અજય ડી. રાજ | ડૉ. અર્જુનસિંહ કે. રાણા | ૨૦૧૧ |
| ૬ | ડૉ. રમેશભાઈ આર. પટેલ | ડૉ. અર્જુનસિંહ કે. રાણા | ૨૦૧૧ |
| ૭ | ડૉ. મુકેશભાઇ બી. પટેલ | ડૉ. અર્જુનસિંહ કે. રાણા | ૨૦૧૨ |
| ૮ | ડૉ. નયનભાઇ આર. પારેખ | ડૉ. અર્જુનસિંહ કે. રાણા | ૨૦૧૩ |
| ૯ | ડૉ. સતીશભાઈ એમ. સોરઠીયા | ડૉ. અર્જુનસિંહ કે. રાણા | ૨૦૧૩ |
| ૧૦ | ડૉ. સુનીલભાઈ બી. લાડે | ડૉ. અર્જુનસિંહ કે. રાણા | ૨૦૧૩ |
| ૧૧ | ડૉ.અરિહંત એ. શાહ | ડૉ. હરિશકુમાર આર. ડાભી | ૨૦૧૬ |
| ૧૨ | ડૉ. કેતન એચ. પરમાર | ડૉ. હરિશકુમાર આર. ડાભી | ૨૦૧૭ |
| 13 | ડૉ. લલિત કે. કટારીયા | ડૉ. ગૌરાંગ જે. ખરાદી | ૨૦૧૭ |
| ૧૪ | ડૉ. ફાલ્ગુની જી. ભાભોર | ડૉ. હરિશકુમાર આર. ડાભી | ૨૦૧૮ |

## પ્રાણીશાસ્ત્ર વિભાગ



પૃથ્વી પર વસવાટ કરતાં વિવિધ પ્રાણીઓ જેમાં અમીબાથી લઈને આજના માનવી તથા જીવવિજ્ઞાનની આધુનિક તકનીકોનો અભ્યાસ નવજીવન સાયન્સ કોલેજના પ્રાણીશાસ્ત્ર વિભાગ દ્વારા કરાવવામાં આવે છે. પ્રાણીશાસ્ત્ર વિભાગ પોતાની આગવી ઓળખ ધરાવે છે. જે રાજ્યભરની સાયન્સ કોલેજોની સરખામણીમાં સૌથી વધુ પ્રાણીઓના નમૂનાઓનો સંગ્રહ ધરાવે છે. તેમજ અનેક આધુનિક સાધનો દ્વારા સજ્જ છે. પ્રાણીશાસ્ત્ર વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને ચાર્ટ, મૉડેલ, નમૂના તથા સ્માર્ટબોર્ડ દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. તેમજ તેમના સર્વાંગી વિકાસ માટે અભ્યાસની સાથે સાથે નેચર કેમ્પ, બર્ડ વોચિંગ, નિષ્ણાતો દ્વારા સેમિનારનું આયોજન એ વિદ્યાર્થીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહે છે.

નવજીવન સાયન્સ કોલેજમાં ઇ.સ ૧૯૭૩ થી ૨૦૧૨ સુધી પ્રાણીશાસ્ત્ર વિષય B.Sc ના બીજા વર્ષ સુધી જ હતો જે વર્ષ ૨૦૧૩થી ત્રીજા વર્ષ સુધી કરી દેવામાં આવ્યો. અત્યાર સુધીમાં ૪ વિદ્યાર્થીઓએ પ્રાણીશાસ્ત્ર વિષયમાં યુનિવર્સિટી કક્ષાએ ગોલ્ડમેડલ મેળવેલ છે. વિદ્યાર્થીઓની પ્રાણીશાસ્ત્ર વિષયમાં મેળવેલ સિદ્ધિઓ અને ઉચ્ચ શિક્ષણ મેળવવા માટેની ઉત્સુકતાને ધ્યાનમાં રાખી વર્ષ ૨૦૨૩– ૨૪થી પ્રાણીશાસ્ત્રમાં M.Sc અભ્યાસક્રમ ચાલુ થયેલ છે. જે અમારા સૌ માટે ગૌરવની વાત છે.

પ્રાણીશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ **પ્રો. નિકહત વોહરા** જે વર્ષ ૧૯૯૨થી કોલેજ સાથે સંકળાયેલા છે, તથા ૨૦૦૭થી પ્રાણીશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ તરીકે ફરજ નિભાવી રહ્યા છે. તેમજ વર્ષ ૨૦૦૭થી બાયોટેક્નોલૉજી, ૨૦૧૩થી માઇક્રોબીયલ બાયોટેક્નોલૉજી, તથા ૨૦૨૨થી સેલ્ફ ફાઇનાન્સ યુનિટમાં કૉ–ઓર્ડિનેટર તરીકે સેવા આપી રહ્યા છે. તેમણે કૉ–ઇન્વેસ્ટિગેટર તરીકે બે માઇનોર રિસર્ચ પ્રોજેકટ તથા એક પુસ્તક અને 5 રિસર્ચ પેપર પ્રકાશિત કરેલ છે. તેમજ તેમણે આંતરરાષ્ટ્રીય તથા રાષ્ટ્રીય કક્ષાના સેમિનાર, કોન્ફરન્સ અને વર્કશોપમાં ભાગ લીધેલ છે. આ ઉપરાંત તેમને ત્રણ રિફ્રેશર અને એક

સેમિનાર, કોન્ફરન્સ અને વર્કશોપમાં ભાગ લીધેલ છે. આ ઉપરાંત તેમને ત્રણ રિફ્રેશર અને એક ઓરિએન્ટેસન પ્રોગ્રામમાં સક્રિય રીતે ભાગ લીધેલ છે. અને તેમના માર્ગદર્શન હેઠળ M.Sc ના વિદ્યાર્થી Dissertation કરે છે. **પ્રો. નિકહત વોહરા**ને દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી દ્વારા વર્ષ ૨૦૨૨માં તેમની સમર્પિતતા, કાર્યદક્ષતા તેમજ પ્રતિબદ્ધતાની ભાવનાને ધ્યાનમાં લઈને **"કર્મશીલ એવોર્ડ"** થી સન્માનિત કરવામાં આવેલ છે.

**ડૉ. દિગ્વિજયસિંહ રાણા** પ્રાણીશાસ્ત્ર વિભાગમાં વર્ષ ૨૦૨૨ થી અધ્યાપક સહાયક તરીકે ફરજ બજાવે છે. તેઓ ૧૫થી વધુ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવે છે. તેમણે એક DST નો મેજર રિસર્ચ પ્રોજેક્ટ અને GUJCOST નો એક માઇનોર રિસર્ચ પ્રોજેક્ટ પૂરો કર્યો છે. તેમને ૧૧ રિસર્ચ પેપર અને ૩ પુસ્તકો પ્રકાશિત કર્યા છે. તેમનાં માર્ગદર્શન હેઠળ ૫૬ થી વધારે વિદ્યાર્થીઓએ M.Sc માં Dissertation પૂર્ણ કર્યા છે. તથા ૨૬ થી વધારે M.Sc NETની તૈયારી કરતાં વિદ્યાર્થીઓને Expert Lectures પૂરા પાડ્યા છે. તેમને GSBTM દ્વારા NET-Crash Course માટે બેસ્ટ કૉ–ઓર્ડિનેટરથી સન્માનિત કરેલ છે.

વિભાગમાં અધ્યાપક સહાયક **સુષ્માકુમારી રાવત** વર્ષ ૨૦૨૧થી વિભાગ સાથે સંકળાયેલા છે, જેમણે વર્ષ ૨૦૧૭માં GSET, વર્ષ ૨૦૨૨ માં NET-LS તથા CTETમાં ઉત્તિર્ણ થયેલ છે.

વિભાગમાં ઍડ–હોક લેક્ચરર **અંકિત ચૌહાણ** વર્ષ ૨૦૨૧ થી તથા વિભાગમાં ઍડ–હોક લેક્ચરર **ધીરજ પરમાર** વર્ષ ૨૦૨૨ થી વિભાગ સાથે સંકળાયેલ છે.

**શ્રીમતી મનીષાબેન નાગર** આ વિભાગમાં લેબ–આસિસ્ટન્ટ તરીકે છેલ્લા ૧૫ વર્ષથી અને **રમેશભાઈ બી. મકવાણા** વિભાગમાં સેવક તરીકે છેલ્લા ૧૮ વર્ષથી સેવા આપી રહ્યા છે.

## ઘર બનાવી રાખ્યું છે અહીં

આ કોલેજ કોલેજ નહીં ઘર બનાવી રાખ્યું છે અહીં,
હરિયાળા, કેમ્પસને આંગણું બનાવી રાખ્યું છે અહીં;

જ્ઞાન, વિજ્ઞાનને સર્વાંગી વિકાસ,સાથે રમતને માન,
સફળ વિદ્યાર્થી માટે બધું જ ફેલાવી રાખ્યું છે અહીં;

ગણિતને ગણાવ્યું ને, ભૌતિકશાસ્ત્ર ભણાવ્યું છે અહીં,
રસાયણશાસ્ત્ર માં તો રણ જીતાવી રાખ્યું છે અહીં;

વગડાની જાણ માટે વનસ્પતિશાસ્ત્ર વિકસાવ્યું છે,
પ્રાણીશાસ્ત્રને પ્રાણીપ્રેમ થી ગુંજાવી રાખ્યું છે અહીં;

અંતરાળ ગામમાં વિજ્ઞાનનો દિવો કર્યો સાલ ૭૩માં,
સુવર્ણ વર્ષે પણ વિજ્ઞાનને જમાવી રાખ્યું છે અહીં;

શ્રદ્ધા – અંધશ્રદ્ધાના દૂષણો થી ભરેલ હતું આ ગામ,
વિજ્ઞાનના પ્રકાશથી તે મુકત કરાવી રાખ્યું છે અહીં;

આકાશે પહોંચ્યું ભારત, ઉજ્જવળ ગુર્જર ધરા થઈ,
આ વિજ્ઞાનમાં પણ દાહોદને ઘબકાવી રાખ્યું છે અહીં.

**– ધીરજ પરમાર "મુસાફર"**

# વનસ્પતિશાસ્ત્ર વિભાગ



ઊચ્ચશિક્ષણના અભ્યાસમાં વનસ્પતિશાસ્ત્ર વિષયનું ખુબજ મહત્વ છે. કારણકે પૃથ્વી ઉપરના આહાર અને ઓક્સિજન માટેના મુખ્ય ઉત્પાદકો વનસ્પતિ છે. જે બાકીના સજીવોના જીવનકાર્યોને સાર્થક બનાવે છે. જીવવિજ્ઞાનની પ્રાચીન શાખા વનસ્પતિશાસ્ત્ર છે. વનસ્પતિઓની વિવિધતાઓ ને લીધે કૃષિ અને પર્યાવરણ ઔષધીય માધ્યમો અને પ્રાકૃતિક ઉત્પાદનો પ્રાપ્ત થઈ શકે છે. બોટની વિભાગ સંયુક્ત જીવવિજ્ઞાન વિભાગ માંથી શૈ. વર્ષ ૨૦૧૦–૧૧ થી કોલેજ કક્ષાએ નવી C.B.S.C. પદ્ધતિઅમલમાં આવવાથી તા. ૨૫–૮–૨૦૧૧ના રોજથી અસ્તિત્વમાં આવ્યો હતો. બોટની વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને ઓડિયો વિઝ્યુઅલ પદ્ધતિ થી સ્માર્ટબોર્ડ દ્વારા, ચાર્ટ મોડેલ સ્લાઈડ અને નમૂનાઓ દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. તેમજ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસની સાથે–સાથે ફિલ્ડટ્રીપ, બોટનીકલ ટૂર તથા સ્નાતક થયા પછી થી પ્લેશમેન્ટ માટેનું માર્ગદર્શન આપવામાં આવે છે. T.Y.B.Sc. માં મુખ્ય વિષય તરીકે બોટનીનો અભ્યાસ વર્ષ ૨૦૧૬–૧૭ થી શરૂ કરવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં ૩ વિદ્યાર્થીઓએ યુનિવેર્સિટી કક્ષાએ ગોલ્ડમેડલ મેળવેલ છે.

બોટની વિભાગના અધ્યક્ષ **ડો. કે.જે. મહેતા** વર્ષ ૧૯૯૪ થી કોલેજ સાથે જોડાયેલા છે. તથા વર્ષ ૨૦૧૩ થી ૨૦૧૮ સુધી કાર્યકારી આચાર્ય તરીકે ફરજ બજાવેલ છે. વર્ષ ૨૦૨૧–૨૨ માં સ્વનિર્ભર વિભાગના કો. ઓ. તરીકે કાર્ય કરેલ છે. તેમણે વર્ષ ૨૦૧૨– થી ૨૦૨૧ સુધી એપ્લોઈઝ કો. ઓ. ક્રેડીટ સોસાયટીના પ્રમુખ તરીકે સુકાન સંભાળેલ છે. તેઓ શ્રી પ્રિન્સિપાલ ઈન્વિજીલેટર તરીકે યુ.જી.સી. સ્પોન્સર્ડ એક માઈનર રિસર્ચ પ્રોજેક્ટ, ૧૧ રિસર્ચ પેપર, તથા ગુજરાત યુનિ. અને શ્રી ગોવિંદગુરૂ યુનિ.

ના અભ્યાસક્રમ મુજબ ની ટેક્સ્ટ બુકમાં સહલેખક તરીકે આંતરરાષ્ટ્રીય તથા રાષ્ટ્રીય કક્ષા ની કોન્ફરન્સ સેમિનાર તથા વર્કશોપમાં ભાગ લઈ પેપર પ્રેઝન્ટેશન કરેલ છે. તેઓશ્રી જે. જે. ટી.યુનિ., પેસિફિક યુનિ. અને શ્રી ગોવિંદ ગુરૂ યુનિ. માં પી.એચ.ડી. ગાઈડ તરીકે કાર્ય કરે છે, અને તેમના માર્ગદર્શન હેઠળ હાલમાં ચાર સંશોધનાર્થીઓ પી.એચ.ડી. કરી રહેલ છે. તેઓ શ્રી ગોવિંદ ગુરૂ યુનિ. ના બોટની વિષયના બોર્ડ ઓફ સ્ટડીના મેમ્બર છે તેઓશ્રી ને વર્ષ ૨૦૧૩,૨૦૧૪ અને ૨૦૧૫ માં અનુક્રમે ડો. રાધાક્રિષ્નન ગોલ્ડ મેડલ એવોર્ડ બેંગ્લોર મુકામે, બેસ્ટ એજ્યુકેશનિષ્ટ એવોર્ડ તથા રોટરી ક્લબ તરફથી શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો એવોર્ડ પ્રાપ્ત થયેલ છે.



**ડો. રાધાક્રિષ્ન ગોલ્ડ મેડલ એવોર્ડ**

પ્લાન્ટ કલેક્ટર તરીકે **શ્રી લલિતકુમાર સોલંકી** છેલ્લા ૪૦ વર્ષોથી નિરંતર કાર્યરત છે. અને વર્ષ ૨૦૧૧ થી લેબોરેટરી આસિસ્ટન્ટ ની કામગીરી પણ સ્વૈચ્છિક અને નિઃસ્વાર્થ ભાવે સૂપેરે નિભાવે છે. વિભાગ માં એડહોક લેક્ચરર તરીકે **કુ. સુનંદા ખપેડ** વર્ષ ૨૦૨૧ થી જોડાયેલા છે જેઓ M.Sc Botany ની ડીગ્રી ધરાવે છે. જેઓ શૈક્ષણિક બાબતોની સાથે સાથે વિષયને લગતું માર્ગ દર્શન અને શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરે છે. એડહોક લેક્ચરર તરીકે **અંજલિ ભાભોર** વર્ષ ૨૦૨૨ થી વિભાગ સાથે જોડાયેલા છે. જેઓ M.Sc Botany ની ડીગ્રી ધરાવે છે. વિભાગમાં સેવક તરીકે **શ્રી અનિલ કિશોરી** પોતાની ફરજ બજાવે છે.

## ગણિતશાસ્ત્ર વિભાગ



ગણિતશાસ્ત્ર વિભાગનાં પ્રાધ્યાપક તેમજ અધ્યક્ષ **શ્રી પ્રિતેશકુમાર સી. પવાર** વર્ષ ૨૦૧૪ થી નવજીવન સાયન્સ કોલેજમાં અધ્યાપક તરીકે ફરજ નિભાવી રહ્યા છે. તેમણે ગણિતશાસ્ત્ર માં CSIR UGC NET અને N.B.H.M. Research Fellowship નામની રાષ્ટ્રીય કક્ષાની પરીક્ષા પાસ કરેલ છે. તેમણે વર્ષ ૨૦૧૫ માં એમ.એસ. યુનિવર્સિટી બરોડા દ્વારા આયોજિત નેશનલ વર્કશોપ ઓન પ્રોબ્લેમ સોલ્વીંગ ઈન મેથેમેટીક્સ માં Linear Algebra વિષય પર વ્યાખ્યાન આપેલ છે. વધુમાં તેમણે વર્ષ ૨૦૧૬ માં ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફંડામેંટલ રિસર્ચ, બેંગ્લોર(TIFR-CAM) ખાતે "STUDY ON EPIDEMOLOGICAL MODELS" વિષય પર એક માસ ની સમર ઈન્ટરશિપ કરેલ છે. શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરા ની પ્રથમ બોર્ડ ઓફ સ્ટડીઝ કમિટીમાં ગણિત વિષયના સભ્ય તરીકે નિમણૂક પામેલ છે. આ ઉપરાંત તેમણે રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાના સેમિનાર અને વર્કશોપ માં સક્રિય રીતે ભાગ લીધેલ છે.

ગણિતશાસ્ત્ર વિભાગ માં બીજા બે પ્રાધ્યાપક **શ્રી રાહુલ બી. ગોહિલ** અને **શ્રી નૈષધ આર. પ્રજાપતિ** વર્ષ ૨૦૨૨ થી અધ્યાપક સહાયક તરીકે ફરજ નિભાવી રહ્યા છે. વધુ માં આ બંને અધ્યાપકોએ ગુજરાત રાજ્યની સ્લેટ (SLET) ગણિતશાસ્ત્ર વિષયની પરીક્ષા પાસ કરેલ છે. **સુનીલભાઈ ડામોર** સેવકભાઈ તરીકે ફરજ બજાવે છે.

આપણી કોલેજમાં વર્ષ ૨૦૧૭ થી ત્રીજા વર્ષમાં મુખ્ય વિષય તરીકે ગણિત વિષય શરૂ કરવામાં આવ્યો છે. અત્યાર સુધી માં ૨ વિદ્યાર્થીઓએ ગણિત વિષયમાં ગુરુ ગોવિંદ યુનિવર્સિટી દ્વારા ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ છે. જેમાંથી એક વિદ્યાર્થિની રાજવી પટેલ વર્ષ ૨૦૨૧-૨૨ માં સમગ્ર ગુરુ ગોવિંદ યુનિ. ના વિજ્ઞાન પ્રવાહ માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવા બદલ વધુ ૧ ગોલ્ડ મેડલ મેળવેલ છે. આપણી કોલેજના ગણિતશાસ્ત્ર વિભાગમાં રાજ્ય કક્ષાની પ્રો એ. આર. રાવ મેથેમેટીક્સ કોમ્પિટિશન અને માધવા મેથેમેટીક્સ કોમ્પિટિશન એમ બે પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૨ માં આપણી કોલેજના તૃતીય વર્ષ માં અભ્યાસ કરતી ત્રણ વિદ્યાર્થિનીઓ એ **પ્રો એ. આર. રાવ** મેથેમેટીક્સ કોમ્પિટિશન પરીક્ષા પાસ કરી પ્રમાણપત્ર મેળવેલ છે અને વિભાગ ને ગૌરવાન્વત કર્યા છે.

# ભૌતિકશાસ્ત્ર વિભાગ



ભૌતિકશાસ્ત્ર વિભાગની પ્રયોગશાળા સંસ્થાના સ્થાપનાકાળથી આકર્ષણનું કેન્દ્ર રહેલ છે. સુસજ્જ પ્રયોગશાળાની સ્વચ્છતા, આધુનિક ઉપકરણો, ડાર્કરૂમ,વાત–વિનિમય વ્યવસ્થા ધ્યાનાકર્ષક બની રહે છે.

ભૌતિકશાસ્ત્ર વિભાગમાં પ્રાધ્યાપક **ડો. રુચિતા આર. પટેલ** તેમજ **ડો. વિશાલ આર. જૈન** એ સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી પી.એચ.ડીની પદવી પ્રાપ્ત કરેલ છે, તેઓ બંને વર્ષ ૨૦૧૪ થી નવજીવન સાયન્સ કૉલેજમાં ભૌતિકશાસ્ત્ર વિભાગમાં અધ્યાપક તરીકે સેવા પૂરી પાડે છે. તેમણે સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી વર્ષ ૨૦૨૦ દરમિયાન ફેકલ્ટી ઈન્ડકશન પ્રોગ્રામ કરેલ છે. ડો રુચિતા આર.પટેલે મુંબઈ યુનિવર્સિટી થી રિફ્રેશર કોર્ષ તેમજ ડો વિશાલ આર.જૈન એ જમ્મુ યુનિવર્સિટીમાંથી રિફ્રેશર કોર્ષ કરેલ છે તેમજ બંને પ્રાધ્યાપકો યુનિવર્સિટી પી.એચ.ડી ગાઈડશીપ ધરાવે છે. શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરા ની પ્રથમ બોર્ડ ઓફ સ્ટડીઝ કમિટીના સભ્ય તરીકે બંને પ્રાધ્યાપક નિમણુક પામેલ છે. આ સાથે તેમણે અનેક વર્કશોપ સેમિનાર અને કોન્ફરન્સમાં ભાગ લીધેલ છે તેમજ નેશનલ અને ઈનેરનેશનલ જર્નલ્સ માં પોતાના લેખ પ્રકાશિત કરેલ છે. આ ઉપરાંત ૨૦૧૫ થી ચાલતા સ્વર્નિર્ભર ટી.વાય. બી એસ.સીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ થી ૨૦૨૧–૨૨ સુધીમાં ૩ ગોલ્ડ મેડલ યુનિવર્સિટી દ્વારા આપણી કૉલેજના વિદ્યાર્થીઓને પ્રાપ્ત થયેલ છે, **મોહિતભાઈ અગ્રવાલ** જે વર્ષ ૨૦૨૨ થી એડહોક ફેકલ્ટી તરીકે ભૌતિકશાસ્ત્ર વિભાગમાં કાર્યરત જેમનો પોતાનો એમ.એસ.સી સુધીનો અભ્યાસ સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી કરેલ છે. તદઉપરાંત વર્ષ ૨૦૨૧ થી **મુનિયા નયનકુમાર** જે ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનિક તરીકેની ફરજ બજાવે છે અને વર્ષ ૨૦૧૬થી **દિનેશભાઈ કોલી** સેવક ગણમાં સમાવિષ્ટ છે.

## માઇક્રોબાયોલોજી વિભાગ



દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ,દાહોદ દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ માં બી.એસ.સી. માં સ્વનિર્ભર માઇક્રોબાયોલોજી કોર્સની શરૂઆત કોલેજના કાર્યકારી આચાર્યશ્રી ડો. જી.જે. ખરાદી ના નેતૃત્વ હેઠળ કરવામાં આવી હતી જેમાં ૨ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ થયા છે અને વર્ષ ૨૦૨૩-૨૪ થી મુખ્ય વિષય માઇક્રોબાયોલૉજી સાથે ત્રીજા વર્ષની શરૂઆત થઈચૂકી છે. વિદ્યાર્થીઓ ખૂબ જ રસ પૂર્વક આ વિષયમાં અભ્યાસ કરે છે અને જ્ઞાન મેળવે છે

આ માઇક્રોબાયોલોજી વિભાગમાં નિષ્ણાત અધ્યાપકો છે જેઓ એમના વિષયમાં ખૂબ બહોળું જ્ઞાન ધરાવે છે જેમાં હાલ **શ્રી સંદિપ એસ. પ્રજાપતિ** ( વિભાગ વડા) અધ્યાપક સહાયક તરીકે ફરજ બજાવે છે જેમણે માઇક્રોબાયોલોજી વિષયમાં M.Sc., NET, GSET ની પરીક્ષામાં પણ સફળતા પ્રાપ્ત કરી છે અને **કુ. શીખા પી. મોઢીયા** એડહોક લેક્ચરર તરીકે ફરજ બજાવે છે જેઓ M.Sc. Microbiology, B.Ed.ની ડિગ્રી ધરાવે છે તથા એડહોક લેક્ચરર તરીકે **કુ. કૃપાલી કે. પરમાર** ફરજ બજાવે છે. જેઓ પણ M.Sc. Microbiology ની ડિગ્રી ધરાવે છે. વિભાગમાં ખૂબ જ જરૂરી એવું લેબનું સ્વચ્છતાનું કામ **ભોલેશ્વર ગોહિલ** કરે છે જે વિભાગમાં સેવકભાઈ તરીકે ફરજ બજાવે છે.

# અંગ્રેજી વિભાગ



અંગ્રેજી વિભાગના ગેસ્ટ લેક્ચરર તરીકે સેવા આપતા **પ્રો. મેઘના કંથારીયા**એ બી. એ. ગુજરાત યુનિવર્સિટી થી કર્યું છે તથા એમ.એ. શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી થી કરી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ છે.તેઓએ વર્ષ ૨૦૧૯ માં UGC NET પરીક્ષા પાસ કરેલ છે. આ ઉપરાંત તેમણે આઠ જેટલા રિસર્ચ પેપર આતંરરાષ્ટ્રીય જર્નલ માં પ્રકાશિત કરેલ છે.

અંગ્રેજી ભલે આપણી માતૃભાષા નથી, પરંતુ આંતરાષ્ટ્રીય કક્ષાએ તેની માન્યતા અને મહત્વ અનેકગણું છે. ખાસ કરીને વિજ્ઞાન વિષયના વિદ્યાર્થીઓ માટે વધુ ઉપયોગી બને છે કારણ કે, મોટા ભાગના પુસ્તકો અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ છે. તબીબી,ઈજનેરી, ખગોળ જેવા અનેક વિષયોમાં મળતી માહિતી અંગ્રેજી ભાષામાં જ પ્રાપ્ત છે. તેથી આ વિષયનું મહત્વ ઓછું આંકી શકાય નહીં.

## THE ROAD NOT TAKEN

Two Roads diverged in a yellow wood,
And sorry I could not travel both
And be one traveler, Long I stood
And looked down one as far as I could
To where it bent in the undergrowth;

Then took the other, as just as fair,
And having perhaps the better claim,
Because it was grassy and wanted wear;
Though as fro that the passing there
Had worn them really about the same,

And both that morning equally lay
In leaves no step had trodden black.
Og, I kept the first for another day!
Yet knowing how way leads on the way,
I doubted if I should ever come back.

I shall be telling this with a sign
Somewhere ages and ages hence:
Two roads diverged in a wood, and I-
I took the one less traveled by,
And that has made all the difference.

- ROBERT FROST

## ગ્રંથાલય



આજના આધુનિક યુગમાં માહિતી એ માનવજીવન માટે અમૂલ્ય ખજાનો છે,અને આ માહિતીનો સંગ્રહ મનુષ્ય યુગો યુગોથી વિવિધ સ્વરૂપે કરતો આવ્યો છે, આ અધિકૃત અને ઉપયોગી સંગ્રહિત માહિતી નો વધુ માં વધુ ઉપયોગ થાય તે હેતુ થી ગ્રંથાલયો નો ઉદ્ભવ થયો,એજ રીતે સંગ્રહિત પુસ્તક વાચક સુધી પહોચે અને દરેક વાચકને પોતાનું પુસ્તક મળી રહે એ કામ ગ્રંથપાલ નું છે.

ગ્રંથાલય સ્વયં વિશ્વવિદ્યાલય તો ખરું જ, પરંતુ જેમને વાંચન નો હરિરસ પીવાની આદત પડી ગઈ છે તેમના માટે ગ્રંથાલય કેવળ વિશ્વવિદ્યાલય નહીં વૃંદાવન છે, ગ્રંથોના નિવાસની જગ્યાને ગ્રંથાલય નામ આપીને તેને મંદિર જેવો ઉચ્ચ દરજ્જો આપ્યો છે, જે રીતે એક ભકત દેવાલય માં પ્રવેશ કરતાં જ તેના તન–મન માં એક શાંતિ અને સુખનો અનુભવ કરે છે તેવી અનુભૂતિ એક સાચો વાચક જ્યારે પુસ્તકાલય માં પ્રવેશ કરે છે ત્યારે તેના મન મસ્તિષ્કમાં થાય છે. વાચકોને વાંચવા માટે આમંત્રણ આપતા વિવિધ વિષયોના અસંખ્ય પુસ્તકોની હારમાળા વાચકના તન – મન માં એક અલગ પ્રકારની શાતા આપી જાય છે.

દાહોદ જીલ્લા માં આવેલ શિક્ષણના વિશાળ વટવૃક્ષ સમાન ‘દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી’ દ્વારા સંચાલિત ‘નવજીવન સાયન્સ કોલેજ’ ૧૯૭૩ માં સ્થપાયેલ આ સંસ્થા ખરા અર્થમાં કર્મચારીગણ તેમજ વિદ્યાર્થીઓ માટે જ્ઞાન વર્ધક સાબિત થયેલ છે. ૫૦ વર્ષ ની આ અવિરત યાત્રા માં સંસ્થા પાસે એક સમૃદ્ધ અને અત્યાધુનિક ગ્રંથાલય છે. ગ્રંથાલયમાં , અભ્યાસક્રમ, ને અનુરૂપ , પાઠ્યપુસ્તક,સંદર્ભગ્રંથો પાઠ્યપુસ્તક, સંદર્ભગ્રંથો તેમજ કાવ્યો, નવલકથાઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓ સહિત વિવિધ પુસ્તકો ધરાવે છે. વર્તમાનમાં, અંદાજે ૮.૫૦લાખની કિમત ધરાવતા ૧૦,૦૦૦ કરતાં પણ વધારે પુસ્તકોથી સુસજ્જ છે.

આજનાં ડિજીટલ યુગમાં વાચકને ત્વરિત માહિતી કે પુસ્તક પ્રાપ્ત થાય તે હેતુ થી INFLIBNET સંલગ્ન N-List પોર્ટલ દ્વારા અધ્યાપકો, રિસર્ચ સ્કૉલર અને વિદ્યાર્થીઓને પિરિઓડિકલ્સ અને ઈ–બુક્સ ઉપયોગી બની રહે તેમજ ગ્રંથાલયના સંચાલન માટે SOUL 3.0 Software જેવા આધુનિક ઉપકરણો થી ગ્રંથાલય સુસજ્જ છે.

## કોલેજની સિધ્ધિઓ

➠ નવજીવન સાયન્સ કોલેજ દ્વારા પ્રિ ડૉ. એ. એમ. પંચોલી, ડૉ. આર. કે. રાય અને ડૉ. એ. કે રાણા ના નેતૃત્વમાં વર્ષ ૨૦૦૯ માં નેકના **First Cycle** નું Accreditation **૨.૧૨ CGPA** સાથે **'B'** ગ્રેડથી સફળતાપૂર્વક કરાવ્યુ હતું.

➠ નવજીવન સાયન્સ કોલેજ દ્વારા કા. પ્રિ. ડૉ. કે. જે. મહેતા, ડૉ. આર. કે. રાય અને ડૉ. એ. કે. રાણા ના નેતૃત્વમાં વર્ષ ૨૦૧૪ માં નેકના **Second Cycle** નું Accreditation **૨.૩૧ CGPA** સાથે **'B'** ગ્રેડથી સફળતાપૂર્વક કરાવ્યુ હતું.

➠ નવજીવન સાયન્સ કોલેજ દ્વારા કા. પ્રિ. ડૉ. કે. જે. મેહતા, ડૉ. આર. કે. રાય અને ડૉ. એ. કે. રાણા ના નેતૃત્વમાં વર્ષ ૨૦૧૪ માં KCG ની **"AAA"** ટીમ દ્વારા **૨.૬૫ CGPA** સાથે **'B'** ગ્રેડથી Accreditation કરાવ્યુ હતું.

➠ નવજીવન સાયન્સ કોલેજ ને **KCG - RUSA** દ્વારા ખાસ આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓના વિકાસ માટે રૂપિયા **૪ કરોડ** ની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવેલ છે.



**ખુરશી બેઠેલા ડાબેથી**
**(૧). ડૉ. કે.જે. મહેતા (૨). ડૉ. એન.એમ.વાઘેલા** (I.Q.A.C. Coordinator)
**(૩). ડૉ. જી.જે ખરાદી (૪). પ્રો. પ્રિતેશ પવાર**

## વર્તમાન નેક કમીટી




નેક વિઝિટ ૨૦૦૯



એ.એ.એ વિઝિટ ૨૦૧૪




નેક વિઝિટ ૨૦૧૪


GOLD MEDALIST STUDENTS
Academic Year 1988-89
Dr. Ramakant N Pandya
Chemistry
B.Sc.
Academic Year 2008-09
Kothari Dilhajbanu
First Year
B.Sc.
Academic Year 2018-19
Chaudhari Nisha A.
Zoology
B.Sc.
Chauhan Hardikkumar R.
Mathematics
B.Sc.
Gari Vinodkumar L.
Physics
B.Sc.
Prajapati Anjaliben J.
Botany
B.Sc.
Academic Year 2019-20
Chauhan Saloni A.
Chemistry
M.Sc.
Kamiwala Dilshabibi S.
Zoology
B.Sc.
Jargal Fahim M.
Physics
B.Sc.
Academic Year 2020-21
Bhasani Manisha S.
Chemistry
B.Sc.
Patel Priyanka P.
Zoology
B.Sc.
Charan Hiteshbhai D.
Physics
B.Sc.
Bariya Hardic B.
Botany
B.Sc.
2 Gold Medal
Academic Year 2021-22
RajaviBen Patel
Mathematics
B.Sc.
Dipikaben Rathod.
Chemistry
B.Sc.
Krishnaben Dabhi
Zoology
B.Sc.
Urmilaben Ninama.
Botany
B.Sc.

# વર્કશોપ અને સેમિનાર

➠ દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કૉલેજ, દાહોદ દ્વારા **" પ્રમોશન ઓફ કલ્ચર ક્વોલિટી એન્ડ રિસર્ચ "** વિષય પર ત્રણ દિવસીય સ્ટેટ લેવલ વર્કશોપ તા. ૧૨ થી ૧૪ સપ્ટેમ્બર, ૨૦૧૨ દરમ્યાન કરવામાં આવ્યો હતો. જેમાં દાહોદ જીલ્લાની તમામ કોલેજ ના અધ્યાપકોએ ઉત્સાપૂર્વક ભાગ લીધો હતો તથા ૧૦૮ રિસર્ચ અધ્યાપકો દ્વારા પ્રપોઝલ તૈયાર કરવામાં આવેલ હતી. આ માટેનું અનુદાન KCG અમદાવાદ દ્વારા મળેલ હતું.

➠ નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ અને ઈન્દ્રશિલ યુનિવર્સિટી, કડી સયુંક્ત રીતે તારીખ ૧૮–૦૬–૨૦૨૧ ના રોજ **"ક્રોમેટોગ્રાફી ટેકનિક એન્ડ ઘેર એપ્લિકેશન "** વિષય ઉપર એક દિવસીય ઓનલાઇન વર્કશોપ નું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં વિષય નિષ્ણાંત તરીકે **પ્રો. ભારતી દવે, ડો. વિજઇસિંઘ, ડૉ. પ્રકાશ રેડ્ડી, ડૉ. નિધિ ગૌર અને ડૉ. પ્રસંજીત ચક્રવત્તિ** પોતાનું વ્યખાયન આપ્યું હતું. જેમાં નવજીવન સાયન્સ કોલેજના ૧૦૦થી વધારે વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

➠ નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ દ્વારા તા. ૦૭–૦૯–૨૦૨૨ ના રોજ **હાર્ટ ફૂલનેસ એંડ મેડિટેશન** વિષય પર સેમિનાર રાખવામાં આવેલ હતો. જેમાં વિષય નિષ્ણાંત તરીકે **શ્રીમતી હર્ષાબેન ભાટિયા, શ્રીમતી સાધનાબેન વાઘમારે અને શ્રી જીતુ ભાઈ વાઘમારે** વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવ્યો હતો.

➠ દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કૉલેજ, દાહોદ દ્વારા **"રિસન્ટ એડવાન્સમેન્ટ ઇન બાયો–મેડિકલ ટેકનોલોજી"** વિષય ઉપર એક દિવસીય સ્ટેટ લેવલ સેમિનાર તા ૧૦ માર્ચ ૨૦૨૩ ના રોજ આયોજિત કરવામાં આવ્યો. આ સેમીનાર માટે ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન દ્વારા રૂ. ૪૦,૦૦૦/– નું અનુદાન મળ્યું હતું. જેમાં વિષય નિષ્ણાંત તરીકે **પ્રો. ડૉ.રણજીતસિંહ દેવકર**, ઝૂલોજી ડિપાર્ટમેન્ટ, એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા અને **ડૉ. નિરજકુમાર સિંહ**, જોઈન્ટ ડિરેક્ટર, ગુજરાત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટર, ગાંધીનગર ઉપસ્થિત રહ્યા હતાં.
આ સેમિનારમાં ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અને વિદ્યાર્થીઓ દ્વારા ૭૦ જેટલાં પોસ્ટરોનું પ્રદર્શન પણ રાખવામાં આવ્યું હતું.

➠ દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કૉલેજ, દાહોદ દ્વારા **"રોલ ઓફ આઇક્યુંએસી એન્ડ ન્યૂ મેથોડોલોજી ફોર નેક એક્રિડિટેશન"** વિષય ઉપર વ્યાખ્યાન આયોજિત કરવામાં આવ્યું. જેમાં વિષય નિષ્ણાત તરીકે **પ્રો. ડૉ.નિકુંજ ભટ્ટ**, આઇક્યુંએસી કોઓર્ડિનેટર, વી. પી. એન્ડ આર. પી.ટી. પી. સાયન્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર થી ઉપસ્થિત રહ્યા હતાં.આ વ્યાખ્યાનમાં નવજીવન સાયન્સ કૉલેજ, નવજીવન આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ તથા જે એન્ડ આર બી. એડ. કૉલેજ ના આચાર્યો તેમજ તમામ અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

## વર્કશોપ અને સેમિનાર

















## રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.)




**રાષ્ટ્રીય સેવા યોજના કાર્ય વિસ્તાર :**

ઈસ . ૧૯૬૯માં ગાંધીજીની જન્મ શતાબ્દિ નિમિતે શરૂ થયેલી એક ઉમદા પ્રવૃતિ રાષ્ટ્રીય સેવા યોજનાએ પ૩ વર્ષો પૂર્ણ કર્યા છે. ૩૭ યુનિવર્સિટી અને ૪૦,૦૦૦ વિદ્યાર્થીઓથી શરૂ થયેલી આ પ્રવૃતિમાં આજે દેશભરની ૩૦૦ યુનિવર્સિટીઓ અને ૩.૮ મિલિયન જેટલા વિદ્યાર્થીઓ જોડાયા છે, ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓમાં સામાજિક જવાબદારીની ભાવનાનો વિકાસ થાય એવા મૂળભૂત હેતુ સાથે પ્રારંભાયેલી આ યોજનાના ઉપક્રમે અનેકવિધ ઉપયોગી કાર્યો થાય છે.

**રાષ્ટ્રીય સેવા યોજનાનું સૂત્ર (ઉદ્દેશ) :**

રાષ્ટ્રીય સેવા યોજનાનું સૂત્ર છે 'NOT ME BUT YOU' જે લોકશાહી જીવન શૈલી અને નિ:સ્વાર્થ સેવાની ભાવનાનું પ્રતિબિંબ છે.

આ સેવા યોજનાના આ સૂત્ર પાછળ કલ્યાણની મહત્વની ભાવના પડેલી છે. જે મુજબ "વ્યક્તિના કલ્યાણનો આધાર અંતે તો સમાજના કલ્યાણ પર જ રહેલો છે."

**રાષ્ટ્રીય સેવા યોજનાનું પ્રતીક :**

રાષ્ટ્રીય સેવા યોજનાનું પ્રતીક કોણાર્કના સૂર્યમંદિરના રથના ચક્ર પર આધારિત છે. સૂર્યમંદિરનું એ મહાન ચક્ર પુનઃનિર્માણ, રક્ષણ અને મુક્તિના ચક્રનાં દર્શન કરાવે છે અને તે અનંતકાળ તથા અવકાશ વચ્ચે ચાલી આવેલી જીવનની ગતિનું મહત્વ સૂચવે છે. પ્રતિકની ગત્યાત્મક આકૃતિ રાષ્ટ્રીય સેવા યોજનાના

ધ્યેયનું, પ્રગતિનું પ્રથમ દષ્ટિએ સૂચન કરે છે. ગ્રામપ્રદેશના સમાજના વિધેયાત્મક અને પ્રગતિકારક કાર્યક્રમોમાં શહેરી અને બિનશહેરી યુવકોને રસ લેતા અને જોડતા કરવાનું તથા સમૂહજીવન અને સામાજિક કાર્ય વગેરે દ્વારા રાષ્ટ્રીય ભાવાત્મક એકતાનું જે લક્ષ્ય અને ધ્યેય રાષ્ટ્રીય સેવા યોજનાનું છે તે આમાં પ્રતીકાત્મક રૂપમાં નિષ્પન્ન થયું છે કે જે મુખ્યત: પ્રગતિશીલ જીવનચક્રનું મહત્વ દર્શાવે છે. આ કોલેજમાં "રાષ્ટ્રીય સેવા યોજના" વર્ષ ૧૯૭૯ માં અસ્તિત્વમાં આવી. ભારત સરકારના તથા રાજ્ય સરકારના શિક્ષણખાતા હેઠળ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આ યોજનાનું સંચાલન થતું હતું. હાલ ૨૦૧૫ થી આ કોલેજ નું સંચાલન નવી યુનિવર્સિટી શ્રી ગોવિદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ દ્વારા કરવામાં આવે છે. આ કોલેજમાં ૨૦૨૧ સુધી એન. એસ. એસ. ના એક યુનિટ ની પરવાનગી હતી, પરંતુ વિદ્યાર્થીઓના આ પ્રત્યેના ઉત્સાહ અને યુનિટના કાર્ય અને આચાર્યશ્રી તથા કોલેજ પરિવારના પ્રયત્નોથી વર્ષ ૨૦૨૨ થી યુનિવર્સિટીએ આ કોલેજને બીજા એક નવા યુનિટની પરવાનગી આપી. હાલ આ કોલેજમાં એન. એસ. એસ. એકમના બે યુનિટ અને એની સાથે ૨૦૦ વિદ્યાર્થીઓ કાર્યરત છે.

કોલેજ કક્ષાએ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને મુખ્યત્વે ઓરિએન્ટેશન જેવા પ્રોગ્રામ દ્વારા આ યોજનાની માહિતી આપી આ યોજનામાં સામેલ કરવામાં આવે છે. આ પ્રવૃતિ દ્વારા આજનો યુવાન યૌવન સહજ ઉત્સાહ અને શક્તિને શિક્ષણકાર્ય સાથે સમાજ ઉપયોગી પ્રવૃતિમાં વાળવા ઉપરાંત વ્યક્તિગત રીતે વધુ આંતરમુખી બની પોતાની સુષુપ્ત શક્તિઓને ઓળખી શકે છે. તે નિ:શંક આ કોલેજની વિવિધ પ્રવૃતિઓ પરથી કહી શકાય. બે વર્ષ પછી એન.એસ. એસ. નો વિદ્યાર્થી એક સફળ વક્તા, સબળ નેતા અને મુક્ત રીતે પોતાની જાતને અભિવ્યક્ત કરી શકે છે તે કક્ષાએ પહોંચી શકે છે, અને તે રીતે આજનો વિદ્યાર્થી દેશનું ભવિષ્ય છે તે સાર્થક કરી બતાવે છે.

વર્ષની શરૂઆતથી જ આ યોજનામાં સામેલ વિદ્યાર્થીઓનું આ કોલેજના ઇન્ચાર્જ આધ્યાપકશ્રી ના માર્ગદર્શન હેઠળ ઘડતર શરૂ થાય છે. શ્રમકાર્ય જેવા કે સાક્ષરતા અભિયાન, સ્વચ્છતા અભિયાન, રક્તદાન કેમ્પ, એઇડ્સ અવેરનેશ પ્રોગ્રામ અને વૃક્ષારોપણ જેવા વિવિધ કાર્યો દ્વારા પ્રાથમિક રીતે તૈયાર થાય છે. ત્યારબાદ દત્તક ગામની મુલાકાત લઈ આરોગ્યલક્ષી, અંધશ્રદ્ધા નિવારણ, શિક્ષણલક્ષી જેવી સેવાઓ માટે કટિબંધ બને છે.

વર્ષની સૌથી અગત્યની પ્રવૃતિ છે ગ્રામ્ય વિસ્તારમાં કોઈ પણ સ્થળે સાત દિવસિય વાર્ષિક શિબિરનું આયોજન. આ શિબિરમાં વિદ્યાર્થીઓને જીવનમાં ઉપયોગી એવી સ્વાશ્રય, સમૂહજીવન, શિસ્ત તેમજ નેતૃત્વની તાલીમ પૂરી પાડવામાં આવે છે. શહેરી જીવનથી દૂર ઘર્મના વડાઓથી પર રહી કાર્ય કરતા આ યૌવન ધનને નિહાળવાનો પણ એક લ્હાવો છે.દરેક વિદ્યાર્થી પોતાની સિમિતતા ભૂલી જઈ અસીમ શક્તિ અને આનંદસભર થઈ આ શિબિરમાંથી પાછો ફરે છે ત્યારે તે નવી શક્તિ તરીકે બહાર આવે છે.

શિબિરમાં આરોગ્ય વિષયક, રાષ્ટ્રીય એકતા, ગ્રામ્ય જીવન વિષયોના વક્તાઓને આમંત્રી તેમના વ્યાખ્યાન પણ યોજવામાં આવે છે.

યુનિવર્સિટી દ્વારા આયોજીત ઝોનલ કેમ્પ અને રાષ્ટ્રીય કક્ષાએ નેશનલ ઈન્ટીગ્રેશન કેમ્પ, નેશનલ યૂથ પાર્લામેન્ટ, આર.ડી. – પરેડ જેવી ઉચ્ચ કક્ષાની તાલીમમાં દર વર્ષે આ કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લઈ કોલેજનું ગૌરવ વધાર્યું છે.

અંતે આ કોલેજના પચાસ વર્ષના ગાળામાં જે તે સમયના આચાર્યશ્રી, પ્રોફેસર ઈન્ચાર્જશ્રી તેમજ દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીએ આ પ્રવૃતિમાં પૂરક બની વધુને વધુ સક્ષમ રીતે આ યોજનાનો હેતુ સિદ્ધ થાય તે રીતે કામગીરી કરી છે.

## એન.એસ.એસ. પ્રોગામ ઓફિસરની યાદી

| ક્રમ | વર્ષ | એન.એસ.એસ. પ્રોગામ ઓફિસરનું નામ | હોદ્દો |
|---|---|---|---|
| ૧ | ૧૯૭૯ – ૧૯૮૫ | શ્રી. આર. બી. શાસ્ત્રી | શારીરિક શિક્ષણ નિયામક |
| ૨ | ૧૯૮૫–૧૯૮૬ | શ્રી. ડી. એ. શુકલ | પ્રાધ્યાપક– પ્રાણીશાસ્ત્ર |
| ૩ | ૧૯૮૬–૧૯૯૧ | ડૉ. આર. સી. પટેલ | પ્રાધ્યાપક– વનસ્પતિશાસ્ત્ર |
| ૪ | ૧૯૯૧–૧૯૯૬ | ડૉ. એસ. આર. શર્મા | પ્રાધ્યાપક– ભૌતિકશાસ્ત્ર |
| ૫ | ૧૯૯૬–૧૯૯૭ | ડૉ. ડી. એન. દવે | પ્રાધ્યાપક– રસાયણશાસ્ત્ર |
| ૬ | ૧૯૯૭–૨૦૦૬ | ડૉ. જે. એમ. પટેલ | પ્રાધ્યાપક– રસાયણશાસ્ત્ર |
| ૭ | ૨૦૦૬–૨૦૧૩ | ડૉ. એચ. આર. ડાભી | પ્રાધ્યાપક– રસાયણશાસ્ત્ર |
| ૮ | ૨૦૧૩–૨૦૧૯ | ડૉ. જી. જે. ખરાદી | પ્રાધ્યાપક– રસાયણશાસ્ત્ર |
| ૯ | ૨૦૧૯ થી કાર્યરત | ડૉ. એસ. એ. પટેલ (NSS Unit-૧) | પ્રાધ્યાપક– રસાયણશાસ્ત્ર |
| ૧૦ | ૨૦૨૨ થી કાર્યરત | શ્રી. આર. બી. ગોહિલ (NSS Unit-૨) | પ્રાધ્યાપક– ગણિતશાસ્ત્ર |

# એન. એસ. એસ. યુનિટ સિદ્ધિઓ

| ક્રમ | સ્વયંસેવકનું નામ | પ્રવૃતિ | સિદ્ધિ |
|---|---|---|---|
| ૧ | તેજસ ઉપાધ્યાય | • ડિસ્ટ્રિક્ટ યૂથ પાર્લામેન્ટ વર્ષ – ૨૦૧૯<br>• કેમ્પસ એમ્બેસેડર વર્ષ – ૨૦૨૦<br>• ગુજરાત રાજ્ય શ્રેષ્ઠ એન. એસ. એસ. સ્વયંસેવક એવોર્ડ વર્ષ ૨૦૨૦–૨૧ | • ડિસ્ટ્રિક્ટ યૂથ પાર્લામેન્ટ માં પસંદગી પામી રાષ્ટ્રીય કક્ષાએ યૂથ પાર્લામેન્ટ, દિલ્હી ખાતે ભાગ લીધો.<br>• વિધાનસભા ૧૩૨– દાહોદ, બેસ્ટ કેમ્પસ એમ્બેસેડર<br>• ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરી , એન. એસ. એસ. શાખા ગાંધીનગર ખાતે રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરિયા ના હસ્તે રાષ્ટ્રીય સેવા  યોજના અંતર્ગત રાજ્ય કક્ષા નો શ્રેષ્ઠ એન. એસ. એસ. સ્વયંસેવક એવાર્ડ મળેલ છે. |
| ૨ | હિમાંશી વાઘેલા | • એન.આઈ.સી કેમ્પ,વર્ષ – ૨૦૧૭, શિમલા<br>• રાજ્ય કક્ષા એન. એસ. એસ ડે સેલિબ્રેશન વર્ષ – ૨૦૧૭, કચ્છ | • એન.આઈ.સી કેમ્પ, શિમલા ખાતે સ્વયંસેવક તરીકે ભાગ લીધેલ હતો.<br>• રાજ્ય કક્ષા એન. એસ. એસ ડે સેલિબ્રેશન, કચ્છ ખાતે સ્વયં સેવક તરીકે ભાગ લીધો હતો. |
| ૩ | કૃતિકા બરંડા<br>કિંજલ બારીયા<br>અંજલિ ભાભોર<br>ધીરજ પરમાર | • “ટ્રાયબલ યૂથ એક્ચેન્જ પ્રોગ્રામ,” વર્ષ – ૨૦૨૦, આસામ. | • “ટ્રાયબલ યૂથ એકચેન્જ પ્રોગ્રામ, આસામ” ખાતે યુનિવર્સિટી ટીમમાં ભાગ લીધેલ હતો. |
| ૪ | જાગૃતિ શર્મા | • પ્રિ. આર. ડી. પરેડ રાજ્ય કક્ષા વર્ષ – ૨૦૨૨, ગીર સોમનાથ. | • રાજ્ય કક્ષાની ૨૦૨૨ પ્રજાસત્તાક દિવસની ઉજવણી ગીર સોમનાથ ખાતે યોજાઇ હતી જેમાં યુનિવર્સિટી પરેડ ટીમ માં ભાગ લીધેલ હતો. |
| ૫ | પ્રથમ ભગત | • એન. એસ. એસ. ડે, વર્ષ – ૨૦૨૧, ભુજ | • એન. એસ. એસ. ડે, ભુજ  ખાતે સ્ટેટ લેવલ ઈન્સ્ટ્રુમેન્ટ મ્યુઝિક માં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરેલ હતો. |
| ૬ | ખુશી સિસોદિયા | • ઓનલાઇન રાષ્ટ્રીય યુવા સાંસદ મહોત્સવ વર્ષ – ૨૦૨૨ માં જિલ્લા કક્ષાએ ભાગ લીધેલ હતો. | • ઓનલાઇન રાષ્ટ્રીય યુવા સાંસદ મહોત્સવ ૨૦૨૨ માં જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમ મળેલ હતો. |

# એન. એસ. એસ. યુનિટ સિદ્ધિઓ

| ક્રમ | સ્વયંસેવકનું નામ | પ્રવૃતિ | સિદ્ધિ |
|---|---|---|---|
| ૭ | નિતાંશ કડિયા | • એન.આઈ.સી કેમ્પ, ઉજ્જૈરી, વર્ષ ૨૦૧૮-૧૯ | • એન.આઈ.સી કેમ્પ, ઉજ્જૈરી, કલ્ચરલ પ્રવૃતિમાં રાષ્ટ્રીય કક્ષાએ તૃતીય |
| ૮ | જાહ્નવી પંડ્યા | • એન.આઈ.સી કેમ્પ, ઉજ્જૈરી, વર્ષ ૨૦૧૮-૧૯<br>• રાષ્ટ્રીય યૂથ પાર્લામેન્ટ વર્ષ - ૨૦૧૮<br>• મધ્ય ગુજરાત પ્રદેશ કક્ષા યુવા ઉત્સવ સ્પર્ધા - ૨૦૨૧, ગાંધીનગર<br>• રાજ્ય કક્ષાએ સ્લોગન લેખન સ્પર્ધા, રાજકોટ, વર્ષ ૨૦૨૧ | • એન.આઈ.સી કેમ્પ, ઉજ્જૈરી, કલ્ચરલ પ્રવૃતિમાં રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ.<br>• રાષ્ટ્રીય યૂથ પાર્લામેન્ટ, ગૌતમબુદ્ધ નગર, ઉ.પ્ર. ખાતે ભાગ લીધો.<br>• મધ્ય ગુજરાત પ્રદેશ કક્ષા યુવા ઉત્સવ, વકૃત્વ સ્પર્ધામાં રાજ્ય કક્ષાએ દ્વિતીય.<br>• રાજ્ય કક્ષાની સ્લોગન લેખન સ્પર્ધા, રાજકોટ રાજ્ય કક્ષાએ પ્રથમ. |
| ૯ | ડૉ. જે.એમ.પટેલ (પ્રોગ્રામ ઓફિસર) | • રિપબ્લિક ડે પરેડ કેમ્પ ૨૬-૦૧-૨૦૦૨, ન્યુ દિલ્હી | • ગુજરાત કંટીજર લીડર તરીકે ૧૨ વિદ્યાર્થીઓએ દિલ્હી આર.ડી કેમ્પમાં ભાગ લીધો. |
| ૧૦ | ડૉ. જી.જે.ખરાદી (પ્રોગ્રામ ઓફિસર) | • એન.આઈ.સી કેમ્પ, ઉજ્જૈરી, વર્ષ ૨૦૧૮-૧૯ | • શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી કક્ષાએ પ્રતિનિધિત્વ |
| ૧૧ | ડૉ. એસ. એ.પટેલ (પ્રોગ્રામ ઓફિસર) | • યુનિવર્સિટી કક્ષાએ શ્રેષ્ઠ પ્રોગ્રામ ઓફિસર એવોર્ડ વર્ષ ૨૦૨૧ - ૨૨ | • શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી કક્ષાએ શ્રેષ્ઠ પ્રોગ્રામ ઓફિસર એવોર્ડ મેળવેલ છે. |

Education is not the amount of information that is put into your brain & runs riot there, undigested all your life. We must have life-building, man-making, character-making, assimilation of ideas. If you have assimilated five ideas & made them your life and character, you have more education than any man who has got by heart a whole library.

*- Swami Vivekananda*

# એન. એસ. એસ. એક્ટીવિટી



કોવિડ જાગૃતિ




એચ.આઇ.વી. એડ્સ અને ટી.બી વર્કશોપ




વૃક્ષારોપણ



બ્લડ ડોનેશન



એન.એસ.એસ. કેમ્પ




N.I.C કેમ્પ, ઉજ્જેરી




રિપબ્લિક પરેડ કેમ્પ, ન્યૂ દિલ્હી તા. ૨૬-૦૧-૨૦૦૨



યુનિવર્સિટી કક્ષાએ શ્રેષ્ઠ એન.એસ. એસ. પ્રોગ્રામ ઓફિસર એવોર્ડ તા. ૨૭-૦૭-૨૦૨૩



ગુજરાત રાજ્ય શ્રેષ્ઠ એન.એસ.એસ. સ્વયંસેવક એવોર્ડ તા. ૧૯-૦૭-૨૦૨૩

## શારીરિક શિક્ષણ અને રમત - ગમત ક્ષેત્રમાં ઉત્કૃષ્ટતા



ગુજરાત રાજ્યના ઉત્તર પૂર્વીય ભાગમાં આવેલા અને ગુજરાત રાજ્યનો આદિવાસી બાહુલ્ય જિલ્લો દાહોદ કે જે ગુજરાતનું રાજ્યનું સૂર્યનું પ્રવેશદ્વાર છે. **દાહોદ અનાજ મહાજન એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ**, દાહોદ પોતાના ગરિમામય ૫૦ વર્ષના ભવ્ય ઐતિહાસિક ક્ષણોના આ સ્મરણીકામા કંડારવા જઈ રહયા છે ત્યારે નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ એ શારીરિક શિક્ષણ અને રમત-ગમત ક્ષેત્રમાં ખૂબ આગવું પ્રભુત્વ સ્થાપેલ છે.

૧૯૭૩ થી નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ની સ્થાપના થયેલ છે, ત્યારથીજ કોલેજે શારીરિક શિક્ષણ અને રમત-ગમત ક્ષેત્રે ખૂબ જ ઉત્કૃષ્ટતા સાથે આ ક્ષેત્રમા પર્દાપણ કરેલ હતું. જે હાલમાં ખૂબ જ સમૃદ્ધતા તરફ અગ્રેસર જણાય છે.

રમત-ગમત એક જ એવું માત્ર ક્ષેત્ર છે કે જ્યાં વ્યક્તિને હારતા પણ શિખવાડવામાં આવે છે. રમત-ગમત એ શારીરિક શિક્ષણનો અવિભાજ્ય અંગ છે પરંતુ રમત-ગમત એ કાંઈ સમગ્ર શારીરિક શિક્ષણ નથી. શારીરિક શિક્ષણ દ્વારા વ્યકતિને પોતાના શરીરિક, માનસિક, સામાજીક અને બૌદ્ધિકતાના વિકાસમાં તેમજ પોતાના સ્વાસ્થય પ્રત્યે સભાન કરવામાં શારીરિક શિક્ષણનો અમૂલ્ય ફાળો છે. રમત-ગમત એ જે તે રમતમાં રસ ધરાવતા ખેલાડીઓ માટે યોગદાન આપે છે, શારીરિક શિક્ષણએ તમામ વિદ્યાર્થીઓ અને ખેલાડીઓને માનવતાના મૂલ્યો શીખવીને જે તે ક્ષેત્રમાં પોતાનું યોગદાન આપીને ઉત્કૃષ્ટ સમાજની રચનામાં ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે.

નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના ૫૦ વર્ષના સમયગાળામાં રમત-ગમત ક્ષેત્રે ખૂબજ ઉમદા કાર્ય કરેલ છે. જેના થકી યુનિવર્સીટી કક્ષાએ પણ સારી એવી નામના મેળવેલ છે. પહેલા કોલેજ કક્ષાએ

એથ્લેટિક્સ, હોકી, ફૂટબોલ, બેડમિન્ટન અને ટેબલ ટેનિસ જેવી રમતમાં પોતાનું કૌવત બતાવતા હતા. જ્યારે હાલમાં આ રમતો સિવાય નવી રમતોમાં પણ પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરવા અથાગ પરિશ્રમ કરી રહ્યા છે. જેમકે હેન્ડબોલ, ખો–ખો, કબડ્ડી, વોલીબોલ, સોફ્ટબોલ, આર્ચરી, ક્રિકેટ, કુશ્તી, ટેકવાન્ડો, પાવર લીફ્ટીંગ જેવી રમતો દ્વારા પણ ખેલાડીઓ માટે યુનિવર્સિટી કક્ષાએ તેમજ રાષ્ટ્ર કક્ષાએ પોતાનું કૌવત બતાવવા માટે એક મજબૂત પ્લેટફોર્મ પૂરુ પાડવામાં સફળતા પ્રાપ્ત કરી છે.

શ્રી ગોવિંદ ગૂરૂ યુનિવર્સિટી, ગોધરામાં નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ એ ભારતની પ્રાચીન રમત મલખમની શરૂઆત કરીને તેમાં નિપુણતા હાંસલ કરવામાં મહેનત કરી છે, અને મલખમની રમતમાં ખેલાડીઓ આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ કાઠું કાઢે એના માટે કોલેજ તેમજ માતૃ સંસ્થા ખૂબજ પ્રયત્નરત છે.

ચેસ, બેડમિન્ટન, ટેબલ ટેનિસ, મલખમ, હોકી, એથ્લેટિક્સ, ટેકવાન્ડો, કુશ્તી, પાવર લીફ્ટીંગ જેવી રમતોમાં ખેલાડીઓ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક તેમજ ચેમ્પીયન અને રનર્અપ બનીને યુનીવર્સિટીની ટીમમાં પણ કોલેજનું પ્રતિનિધિત્વ કરે છે.

શારીરિક શિક્ષણમાં કોલેજના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે જનરલ ફીટનેસ કેમ્પ, વિવિધ રમત માટે માર્ગદર્શન પુરુ પાડવું તેમજ ટ્રેકીંગ, વન્ય ભ્રમણ જેવી પ્રવૃત્તિઓ દ્વારા સાહસિકતા વિકસાવવી, વિદ્યાર્થીનીઓ માટે સ્વબચાવ માટેના વર્કશોપ, સેમીનાર જેવી સર્વ વિદ્યાર્થીલક્ષી પ્રવૃત્તિ કરીને તેમના સર્વાંગી વિકાસ કરવાના પ્રયત્ન થકી દેશના સારા નાગરિક બનાવવામાં સહભાગીતા કરવામાં આવી છે.

## સ્પોટર્સ એક્ટિવીટી






## સ્પોટર્સ એક્ટિવીટી






SCIENCE COLLEGE, DAHOD
Shree Govind Guru University, Godhra







# કોલેજીયન મહિલા સશક્તિકરણ એકમનો અહેવાલ



Collegiate Women's Development Cell (CWDC) નો મુખ્ય હેતુ જાતિય સતામણી નિવારણ તેમજ કૉલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થનીઓ અને મહિલા કર્મચારીઓની સામાન્ય સુખાકારીની સંપન્નતા કરવાનો છે. જેમાં વર્ષ દરમિયાન સેમિનાર તેમજ NGOS  ની મુલાકાતનું આયોજન કરવામાં આવે છે, જેમાં વિદ્યાર્થનીઓને સ્વબચાવ અને સ્વાવલંબન માટેની જાગૃતતા તેમજ માહિતી આપવામાં આવે છે.

CWDC, STUDENT UNION તેમજ ફિઝીકલ એજ્યુકેશન ડિપાર્ટમેંટ દ્વારા **Reality and belief about Menstrual cycle** વિષય પર યોજાયેલ એક દિવસીય સેમીનારમાં તમામ ઉપસ્થિત વિદ્યાર્થીનીઓને માસિકધર્મ વિશેની તેમજ તેને લગતી તમામ સમસ્યાઓના નિવારણ માટેની માહિતી ઉપસ્થિત મહેમાન **ડો રાકેશ વહોણીયા** (In Charge R.C.H.O, Dahod) તેમજ **ડો. કેવલ પંડ્યા** દ્વારા પૂરી પાડવામાં આવી. WASH Consultant, **હેમરાજ સોલંકી** સાહેબે સેનેટરી નેપકીનના યોગ્ય ઉપયોગ અને નિકાલ માટેની માહિતી આપી જે અત્યંત મહત્વ પૂર્ણ હતી.

આંતરરારાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી નિમિતે સંસ્થાના માનદમંત્રી , માનનીય **શ્રીમતી અંજલિ પરીખ** મેડમ, દ્રષ્ટિ નેત્રાલયમાંથી **ડો શ્રેયા શાહ મેડમ** તેમજ ભગિની સમાજમાંથી પધારેલા **શ્રીમતિ હેમાબેન શેઠ** મેડમે  સ્વાવલંબન તેમજ સશકિતકરણ વિષય પર બહું સુંદર વાત કરીને વિદ્યાર્થીનીઓને જાગૃત કરી.

સંસ્થાના માનદમંત્રી **શ્રીમતિ અંજલિબેન પરીખે** મેડમે યોગના અભ્યાસ દ્વારા થતા ફાયદા અને મહત્વ વિશેની માહિતી ખુબ સુંદર રીતે પૂરી પાડી.

દાહોદ ની આજુ બાજુના વિસ્તાર કાર્યરત એનજીઓ જેવા કે, ભગિની સમાજ અને સદ્ગુરુ, ફાઉન્ડેશન જેમાં મહિલાઓને સ્વરોજગાર અને સ્વાવલંબન જેવી તકો મળે છે, તેની મુલાકાત કરાવવામાં આવી જેમાં વિદ્યાર્થીનીઓને સ્વરોજગાર વિશે તેમજ ખેતીવાડી અને સિંચાઇનું મહત્વ સમજાવવામાં આવ્યું ગુજરાત સરકારનાં જુદાં જુદાં એકમો સાથે સંકળાઇને તેના વિવિધ લાભો વિશેની માહિતી પૂરી પાડવાનું કામ કરનાર ANADI NGO જે દેવગઢબારિયા તેમજ આસપાસના વિસ્તારોનાં કામ કરે છે તેની મુલાકાત લેવાઈ, જેમાં મહિલાઓને જાતિય શોષણ નિવારણ તેમજ ઘરેલું હિંસા જેવા કિસ્સાઓમાં લાગું પડતાં કાયદાની સમજ, તેમજ સિકલ સેલ એનિમીયા, ટી.બી, જેવી બીમારીઓની સમજ અને નાના બાળકોને ફરજિયાત તેમજ મફત શિક્ષણના કાયદાઓની જાણ કરવામાં આવી.

## કોને કહેવાય નારી

મમતાની લાગે સુરત પ્યારી
કહે સહુ વિચારી વિચારી
કે કોને કહેવાય નારી
એક જન્મે બદલાય ત્રણ સ્થાન જેના
છે કુદરતની એવી પ્રથા ન્યારી,
સમજે તેની સમજ સારી
નારીની છે ભાઈ વ્યથા ભારી
પ્રથમ જેને પિતૃને ત્યાં અવતારી
રહી માતૃની માયામાં પિતૃની છાયામાં
જેમને કુલની પાંદડી એવી શણગારી.
દ્વિતીયા પતિને ત્યાં પધારી.
છોડી માવતરની શ્રેષ્ઠ ડાળી,
સુરજની કિરણની જેમ ઝરઝરતી
સંકટ સમયે પડછાઈ બની ઊભી
હોય એવી સખી સહિયારી,
માન–સમ્માન, પ્રતિષ્ઠા જાળવી રાખી.
બને એક ભગિની સારી.
તૃતીયે માતૃ બની શિશુને આંગણે મંડાણી
વસંતની વેલા સમી મધુર મમતા વરસાવતી,
જીવન ચિંતામુક્ત કરી જાય
સઘળા કામકાજ તેના સંભાળી,
નિર્મળ, નિસ્વાર્થ, ધર્મજ્ઞાની, કર્મમણિ
સેવા કરી સહુની સંસ્કાર લક્ષ્મી
બની જાય તેનું નામ નારી

– સપના અગ્રવાલ

## વિદ્યાર્થી સંઘ



નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ દ્વારા ગુણવત્તાલક્ષી શિક્ષણ તથા શિસ્ત સાથે સર્વાંગી વિકાસ માટેના પ્રયત્નોને ઉત્કૃષ્ટ ગણી સતત વિદ્યાર્થીઓને કઈક મળતું રહે તેના પ્રયત્નો ૧૯૭૩ થી રહેલા છે. જેના ભાગ રૂપે વિજ્ઞાનના વિદ્યાર્થીઓ સામે સાંસ્કૃતિક–પ્રવૃતિઓ કરવાનો પડકાર એ સતત અધ્યાપન કાર્યમાં પ્રવૃત અધ્યાપકો એ કરેલ છે.

વિજ્ઞાનના વિદ્યાર્થીઓ પ્રાયોગિક શાળા, તેમજ સતત વિજ્ઞાનના અભ્યાસમાં વ્યસ્ત હોઈ તેઓને સાંસ્કૃતિક પ્રવૃતિમાં રસ ખૂબજ નહિવત હોય, કોલેજ કક્ષાએ તેમનામાં આવી પ્રવૃતિઓ તેમના જીવનકાળમાં નવો પ્રાણ મૂકે છે. તેઓ કઈક નવું કરવા માટે પ્રેરાય છે. અને તેમનામાં યૌવન શક્તિ સોળે કળાએ ખીલે છે.

ત્યારે વિજ્ઞાન ના વિદ્યાર્થીઓમાં પણ યુવક મહોત્સવમાં પ્રેક્ષકોને પોતાની વિવિધ પ્રવૃતિઓ રંગમંચ પર બતાવી કોલેજનું સંસ્થાનું નામ રોશન કરતાં જોવા મળ્યા છે.

નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના સુવર્ણ જયંતી પ્રસંગે, પચાસ વર્ષની આ સાંસ્કૃતિક પ્રવૃતિઓની ગાથામાં કોલેજ અને સંસ્થાએ વિવિધ જગ્યાએ સન્માન પ્રાપ્ત કરાવ્યું તેવા અનેક વિદ્યાર્થીઓનું યોગદાન પ્રેરણા રૂપ બની રહ્યું છે.

કોલેજ કક્ષાએ, તાલુકા, જીલ્લા, યુનિવર્સિટી, ઈન્ટર યુનિવર્સિટી તેમજ રાષ્ટ્રીય કક્ષાએ સાંસ્કૃતિક, શૈક્ષણિક, સ્પર્ધાઓ અંતર્ગત, સ્કિટ, વકૃત્વ, સ્મૃતગીત, સમૂહ નૃત્ય, વેશભૂષા, કાવ્યપઠન, સમહુ ચર્ચા, નિબંધ સ્પર્ધા, ગઝલ શાયરી, કાવ્યલેખન, હળવું કથક સંગીત, ઓન ધ સ્પોટ પેઈન્ટિંગ પોસ્ટર મેકિંગ, નાટક, રાસ ગરબા, ફોટોગ્રાફી, શાસ્ત્રીય સંગીત, કથક, તબલા વાદન, લોક નૃત્ય, ક્વિઝ, કલેમોડલિંગ, કાર્ટૂનિંગ, એકાંકી મિમિક્રી, રંગોળી મહેંદી, જેવી વિવિધ પ્રવૃતિઓમાં સાયન્સ કોલેજના

પૂર્વ અને વર્તમાન વિદ્યાર્થીઓ એ ભાગ લઈ પસંદગી પામી સુંદર દેખાવ કરેલ છે એવા સૌ વિદ્યાર્થીઓને અભિનંદન સહ કેટલાક નામ અને ઉલ્લેખ કરી રહ્યા છીએ.

શ્રી નીરવ પટેલ, વ્રજ શાહ, કુનેશ પ્રજાપતિ, પ્રિયંકા જીંગડ,કેતન પરમાર, તેજસ ઉપાધ્યાય, ભગત પ્રથમ, રાણા ધ્રુવી, કોળી રાગિની, કરીના મોરી, વાઘેલા હિમાંશી, જાહ્નવી પંડ્યા, હર્ષ પ્રજાપતિ, નીલુ પંચાલ, અવિનાશ સંગાડ, તક્ષા રાઠોડ, કોમલ ગોર, અજય બારિયા, સૈફાલી શેખ, અજય પલાસ, પારગી જીગ્નેશ, ડામોર બ્રિજેશ, કોમલ ગોર, રાજૂ રાઠવા, વિશાલ ડામોર, લખર ભાર્ગવ, મુસ્તુફા કોલસાવાલા, ઉત્કર્ષ સોલંકી, ખપેડ ચેતના, મહાવર રશ્મિ, મહાવર પુશપેન્દ્ર, શાહ પૂજા, સુમરા મોહદુત, સચિન કટારા, ચૌહાણ ગાયત્રી, ભૂરિયા તુષાર, કલાલ પૂજા, પરમાર ઉજ્જવલ, યશ ભતી, બોડના કુંજન, અક્ષય કોળી, ખુશી સિસોદિયા, સોલંકી બંસી, ઉમેશ સોલંકી, હની જસવર, કનચીન ગોરી, શર્મા જાગૃતિ, સુરભી લખારા, અર્જુન પરમાર, ધ્રુવ કલાલ, કલાલ હીર, રાણા ખુશી, શિવરાજ ભૂરિયા, નિધિ બદડવાલ, પરમાર મનસ્વી, દલાલ શ્રુતિ, બારિયા સરસ્વતી, રાઠોડ સ્નેહલ, પરમાર વનરાજ, રાવત સવિતા, ધ્રુમિલ પંચાલ, ઉત્સવ સોલંકી, પ્રિયંકા જહાંગીર, અલપ લોધી, પંકજ બારિયા, બામણિયા પ્રકાશ, પિયુષ પંચોલી, પિયુષ સોલંકી, જયપ્રકાશ શર્મા, ધ્વનિ પંચાલ, પ્રેરણા મોઢિયા, યુક્તિ દરજી, રાઠોડ વિશાલ, પવાર શ્રદ્ધા, ડામોર સપના, બારિયા પ્રિયંકા, મેડા મોનિકા, દિલ્હજ કોઠારી, પૂજા મિસ્ત્રી, બિન્દ્રા પ્રજાપતિ, બારિયા સુકુમાર, નીતિ રાઠે, યુક્તિ દરજી, રાઠોડ વિશાલ, પ્રજાપતિ જલય, મિસ્ત્રી પૂજા, અમીત ઠાકર, યૌવન પંચોલી, ભૂરિયા સુકુમાર, વ્રજ શાહ, જીગ્નેશ પંચાલ, ડામોર સપના, ચોકશી આકાંક્ષા, કોઠારી ધીરજ, સંદીપ પડવાલ, ઉમંગ દરજી.

આજ રીતે અત્યાર સુધી અનેકો વિદ્યાર્થીઓ એવા છે કે તેમના નામનો ઉલ્લેખ ન થઈ શક્યો હોય તેવા વિદ્યાર્થીઓ કે જેઓ એ સંસ્થાને કોલેજને સન્માન પ્રાપ્ત કરાવ્યું. તેમજ આવી પ્રવૃતિઓ ને સતત જીવંત રાખનાર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આપેલું યોગદાન અતિસ્મરણીય છે.

આ પ્રવૃતિને સફળતા હાંસલ કરવા પડદા પાછળ રહી તેમજ જહેમત ઉઠાવી, પૂરક બન્યા હોય તેવા પૂર્વ આચાર્યોશ્રીઓ તથા સમગ્ર સ્ટાફના સભ્યોનો આ રૂપકો પ્રણિત સહ ઋણ સ્વીકાર કરીયે છીએ

## સાંસ્કૃતિક કાર્યક્રમ












## સાંસ્કૃતિક કાર્યક્રમ





## શૈક્ષણિક પ્રવાસ





## સંસ્થા દ્વારા આપેલ એવોર્ડ



ડો. એ. એમ. પંચોલી - કર્મશીલ એવોર્ડ (૧૯૯૬)



ડો. એ. કે. રાણા - પ્રતિભા એવોર્ડ (૨૦૦૩)



ડો. આર. કે. રાય - કર્મશીલ એવોર્ડ (૨૦૦૮)




શ્રીમતિ એન.એ. વોહરા - કર્મશીલ એવોર્ડ (૨૦૨૨)

## એલમની એસોસિએશન









## વિદાય સમારંભ







કોલેજનું જુનું ભવન



નવા કોલેજ ભવનનું ભૂમિ પૂજન




કોલેજનું નવું ભવન

# ગામનો ચોતરો

વહેલી સવારે, આકાશમાં ઊગતા સૂરજના આછા– ઝાંખા કેસરી પીળા કૂણાં કિરણો પાદરની મધ્યે રહેલા ઘટાદાર વડના કૂણાં પાનને ચાદર ઓઢાડી સોનેરી બનાવતા દ્રશ્યને જોવું એ કેટલાક દીર્ઘાયુ વૃદ્ધોને મનમોહક લાગે છે. સૂરજ ના પથરાતા તેજ સાથે ગામ નું જન–જીવન સઘળું ચાલુ થાય છે. પક્ષીઑનો કલરવ,વલોણાનો સ્વર અને ઘરમાં કામ કરતી એકમાત્ર સ્ત્રીના ઝાંઝરનો રણકાર ઘરના વડીલો ને શાંતિ અને સંતોષ આપે છે. આજ ધીમા સ્વર અને શાંતિની અનુભૂતિ સાથે ગામના ચોતરાની ચોતરફે રોનક પથરાઈ છે.

શાળા ખૂલતાં બાળકોનો કલરવ ચોતરાને ગુંજવી મૂકે છે. વડવાઈ એ લટકતા,લાલ ટેટાને ફેકતા અને જાડા થડની ચારેય બાજુ પકડા–પકડી રમતા બાળકોના હાસ્યના અવાજથી વડનું જીવન કઈંક અંશે વધતું જણાય છે.

વર્ષોથી આવા મનમોહક દ્રશ્યોને માનતા વડીલો એમની વિતતી ક્ષણોને પોતાના મિત્રો સાથે સમય પસાર કરી જીવનના ઉતાર–ચઢાવના કિસ્સાને મર્મરે છે.

ગામનો ચોતરો એટલે ગામમાં થતી નવી–જૂની, સારી–ખરાબ વાતોનો થતો સંગમ,વારે–તહેવારે નાત–જાત ભૂલી એક થઈને સાથે રહેતા ગ્રામવાસીઓનો એકમાત્ર સાક્ષી.

ગામનો ચોતરો એટલે એક એવું સ્થળ કે જ્યાં ગામના દરેક રહેવાસીઓની લાગણીઓ જોડાય છે. ગામના જન્મેલા દરેક વ્યક્તિના જીવનના સંસ્કારોના એકમાત્ર સાક્ષી. જન્મ,બાલ્યાવસ્થા,તરુણાવસ્થા, યુવાવસ્થા, ગૃહસ્થજીવન, પુખ્તાવસ્થા, વૃદ્ધાવસ્થા અને અંતે થતી અંતિમયાત્રાની સંપૂર્ણ સહભાગી એ ગામની ભાગોળ અને ત્યાંનો ચોતરો હોય છે.

ગામની ભાગોળ અને ત્યાંનો આ ચોતરો એ ગામનું હૃદય છે જેમ હૃદયના કર્ણક ક્ષેપકમાં આખા શરીરનું શુદ્ધ–અશુદ્ધ રુધિર મિશ્રિત થયા વિના એકસાથે રહે છે તેમ જ નાત–જાતના ભેદભાવ તથા સારા–નરસાના સ્વભાવ સાથે આખું ગામ વાર–તહેવારની ઉજવણી માટે એકત્રિત થાય છે.

ગામની ચહલ–પહલ અને હરિયાળીથી ભરેલો ચોતરો એટલે ગામના જાહેર–જીવનની ખુશાલીનું સીધું દેખાતું સત્ય.

**– મોહિત આર. અગ્રવાલ**

# ઘર

ન દિવાલ થી ચણાયેલ મકાન છે.

આ તો પ્રેમ થી સિંચાયેલ મારૂં ઘર છે.

વડીના વટવૃક્ષની છાયા માં છે.
એ આશીર્વાદ થી વણાયેલ મારૂં ઘર છે.

પરિવાર તો ટફનગ્લાસ સમુ છે.
આ સ્નેહથી છલકાયેલ મારૂ ઘર છે.

બાળકોની મસ્તીતો બારેમાસ છે.
એ ખિલ્લાટ માં ખિલેલ સારૂ ઘર છે.

વિપત્તિમાં ન તુટતું, વિખરતું, વેરાન છે.
નીજપ્રવાહમાં અવિરત વહેતું મારૂં ઘર છે.

ન સ્મશાન સમું શુષ્ક, નિરસ, બેરંગ છે.
લાગણી, સાથ, હુંફથી રંગાયેલ મારૂં ઘર છે.

– જાહ્નવી પંડ્યા




**"ગૌરાંગ પંડ્યા"**

એક એવું પાત્ર કે જે
અમે સૌ કોલેજ માં ભેગા થયા, અને એકબીજા ના દિલમાં વસી ગયા.....

ત્રણ વર્ષના સંબંધો,
આજીવનમાં બંધાઈ ગયા...

કોલેજ થકી મળેલી ટૂંક સમય ની મિત્રતા માં,
અમે એક બીજા ના હૃદય બની ધબકી ગયા...

ટૂંકી જિંદગી માં સારું જીવન જીવવા ની પદ્ધતિ અને દોસ્તી ની સાચી પરીભાષા ગૌરાંગ અમને શીખવાડી ગયા....

સંગીત નો બાદશાહ, અને દિલ નો રાજા,
તારા વિના અમે એકલા પડી ગયા..

***Miss you lot "Dost"***

શું વાત કરું એ કોલેજની
જેના પર સૌ હતા અમે ફિદા,

ધર્મ અલગ, સંપ્રદાય અલગ,
ગામો હતા જુદા જુદા મિત્રતાના ભાવે રંગાઈને ,
ભેગા થયા ભગવાન અને ખુદા..

કોલેજ ના ફક્ત ત્રણ વર્ષ,
પછી બધા ભલે થયા જુદા પણ એકમેક મા અને મિત્રતા ના સંબંધ મા વણાઈ ગયા અમે,
ભણયા પણ અને ગણયા પણ જે વધારે કામ આવ્યું, કોલેજ લાઈફ પર અમે થયા ફિદા.

સાહેબો રહ્યા મિત્ર સમા
કોઈ દી ન આવી ફરિયાદ સુદધા, આજીવન બન્ધાયા સંબંધો અમારા

કોલેજ લાઈફએ અમારો અમૃત મહોત્સવ
અને કોલેજની યાદોએ અમારી પુષ્પ સુધા

આવી કોલેજની સુવર્ણ જયંતી એ અમે સૌ મિત્રો તરફથી
ખૂબ ખૂબ શુભેચ્છાઓ અને અભિનંદન

મિહીર પંડ્યા, (દાહોદ)
મિહીર શાહ, (દાહોદ)
નાયક ભુપેન્દ્ર, (ટાંડા)
જતીન પંચાલ, (બરોડા)
જીતેન્દ્ર બાઠીયા, (લીમડી)
કેતકી પંડ્યા, (બાંસવાડા)
યુસુફી ગુલામઅલીવાલા, (કુવેત)
જીતેન્દ્ર નાયક, (કારઠ)
સમિર પરીખ, (ગાંધીનગર)
રીપલ શાહ, (કેનેડા)

**વર્ષ ૧૯૯૪-૧૯૯૬ બેચ એન્જોયેબલ ગ્રુપ**